# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| **धर्मस्य तत्त्वं निहितं गुहायाम्** | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| કર્પૂરવનના એક દાક્તરના આધ્યાત્મિક પ્રતિભાવો | ડો. લતેશ પટેલ | ૧૨ |
| સાભાર સ્વીકાર | તંત્રી | ૧૬ |
| મૌન જેની ભાષા છે | એક અનામી ભક્તબેનનો પ્રતિભાવ | ૧૭ |
| Celebration of Sannidhi Parva | Anil Lad, Canada | ૨૩ |
| એક કેનેડિયન ભક્તની દૃષ્ટિએ સંનિધિ પર્વની ઉજવણી | અનુ : નારાયણ હ. જાની | ૨૮ |
| આદર્શ દૃષ્ટાંતમાળા | સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ | ૩૩ |
| કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં બીજા દિવસે જાણ્યું ને માણ્યું | ડો. બી. જે. જાગાણી | ૩૬ |
| સ્વર્ગારોહણમાં સત્કર્મો | નારાયણ હ. જાની | ૪૯ |
| પ્રાર્થનાની પ્રબળ શક્તિ | પ્રા. નંદુ પંડ્યા | ૫૫ |

## ❀ અભિનંદનીય સહાય ❀

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ એપ્રિલ–૨૦૦૪ અંક ૭

# धर्मस्य तत्त्वं निहितं गुहायाम्

શ્રી યોગેશ્વરજી

ધર્મના સારતત્ત્વ પરમાત્મા છે. સઘળા સુસંસ્કૃત શ્રેષ્ઠ ધર્મો ધર્મના સારતત્ત્વરૂપે પરમાત્માનું સમર્થન અને પ્રતિપાદન કરે છે. ધર્મો પરમાત્માને પામવાની સાધના પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. ધર્મોના મૂળભૂત મુખ્ય સાર સ્વરૂપ પરમાત્મા છે. ધર્મનું અનુષ્ઠાન જીવનને નિર્મળ કરવા, જ્યોતિર્મય બનાવવા અને સ્વરૂપના સાક્ષાત્કારદ્વારા પરમાત્માને ઓળખવા માટે જ કરવામાં આવે છે અને કરાવું જોઈએ. ધર્મ જો માનવને પોતાના એ મૂળભૂત ધ્યેયથી દૂર લઈ જાય અથવા વિપથગામી બનાવે અને બીજી આવડતોમાં અટવાવે તો એ ધર્મ માનવની સાચી સેવા ના કરી શકે અને સાચા ધર્મના નામકરણને યોગ્ય પણ ના ઠરે. એણે માનવના અંતરાત્માને ઉદાત્ત કરી, આલોકિત બનાવી, પર-માત્માભિમુખ કે પરમાત્મ પરાયણ બનવાની ક્ષમતા ધરી પર-માત્માના સાક્ષાત્કારથી સાર્થક કરવો જ જોઈએ.

ધર્મના સારરૂપે અથવા પરમતત્ત્વરૂપ એ પરમાત્મા ક્યાં વિરાજે છે? મહાભારતમાં યક્ષના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે યુધિષ્ઠિરે જણાવ્યું છે કે એ હૃદયરૂપી ગુફામાં વિરાજમાન છે. એનો અર્થ એ થયો કે એમના અવલોકનની આકાંક્ષાવાળા માનવે એમના અવલોકનકાર્યમાં સફળતા મેળવવા માટે પોતાના હૃદયમાં દૃષ્ટિપાત કરવો જોઇએ. અથવા પોતાની અંદર, પોતાના દિલ-ની દુનિયામાં ખોજ કરવી જોઇએ. માનવ મોટે ભાગે બહિર્મુખ બનીને દેવસ્થાનોમાં, તીર્થોમાં, શાસ્ત્રોમાં, કર્મકાંડમાં અને સાધનાત્મક ક્રિયા કલાપોમાં એમની શોધ કરે છે. એથી સાત્ત્વિકતા વધે છે, પરમાત્મપરાયણતા તથા પવિત્રતા પણ કેળવાય છે અને જીવનના આધ્યાત્મિક ઉચ્ચતમ આદર્શ પ્રત્યે જાગ્રત થવાય છે એ સાચું, પરંતુ માનવે એમનાથી ઉપર ઊઠીને, અંતર્મુખવૃત્તિને ધારીને, અંતરંગ સાધનાત્મક અભ્યાસ-ક્રમનો આધાર લઇને મનને સ્થિર અને શાંત કરી, પોતાની અંદર રહેલી પરમાત્માની પરમજ્યોતિને પેખવાનો પ્રયત્ન કરવો જોઇએ. ત્યારે જ પરમાત્માના સાક્ષાત્કારની કે પરમ-તત્ત્વના દર્શનની સાધના સફળ થઇ શકે.

ગુરુ નાનકદેવે એ સંદર્ભમાં જ કહ્યું છે કે "વનમાં એમને શોધવા શા માટે જાય છે? એ તો અંતરની અંદર બેઠેલા છે, અલિપ્ત છે, તારામાં સમાયેલા છે."

"કાહે રે બન ખોજન જાઇ,
અંતરદર્શી સદા અલેપા તો હી સંગ સમાઇ."

પુષ્પમાં પરિમલ, દર્પણમાં દૃશ્ય, સરિતામાં સલિલ ને મધ-માં મધુતાની પેઠે એ તારા અંતરાત્મા બનીને વિરાજમાન છે.

સમસ્ત બ્રહ્માંડ પણ એક વિશાળ, અનંત ગુફા જ છે. એની



અંદર, એના અણુએ અણુમાં એ પરમાત્માનો પરમ પવિત્ર પ્રકાશ પથરાયેલો છે. એ પાવન પ્રકાશને પેખવાની ટેવ પાડીએ તો સમસ્ત સંસાર પરમાત્માના પરમધામ જેવો લાગે.

ઈશાવાસ્ય ઉપનિષદે જણાવ્યું છે કે 'ઈશાવાસ્યમિદં સર્વમ્' સઘળું પરમાત્માથી છવાયેલું છે. એવો અસાધારણ અનુભવ પણ સહજ થઇ જાય.

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે."

એ સ્વાનુભવ સંપન્ન ભક્તકવિ નરસિંહ મહેતાની સ્વાનુ-ભૂતિ સાથે આપણો અંતરાત્મા પણ સુસંવાદી સૂર પૂરાવે છે.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૨૫–૧૦–૮૧ રવિવાર, આસો સુદ તેરશ, ૨૦૩૭,**
**સ્થળ : ટોરન્ટોથી નાયગ્રાફોલ–હેમીલ્ટન–બર્લીંગ્ટન**

આજે હેમીલ્ટનમાં બપોરે ૪–૩૦ વાગ્યે પૂ. શ્રીનું પ્રવચન હતું. એના અનુસંધાનમાં બર્લીંગ્ટન પણ જવાનું હતું.

વળી ટોરન્ટોથી ૧૧૧ કિલોમીટર દૂર નાયગ્રાનો પ્રખ્યાત ધોધ આવેલો છે, તે જોવાનો પણ આજે કાર્યક્રમ હતો.

સવારે પૂ. શ્રીનો દિવાળી નિમિત્તે પ્રજાને આપેલો દિવાળી સંદેશ ટેલિવીઝન ઉપર ૧૦ વાગ્યે આવનાર હતો. (આ સંદેશો અલગ રીતે છપાયો છે.)

ગઇ રાત્રે બે વાગ્યાથી આખાયે કેનેડાની ઘડિયાળ ૧ કલાક પાછળ મૂકવામાં આવી હતી. શિયાળામાં એ રીતે દર વરસે સમય બદલાય છે.

સવારે સમયસર ઊઠી પૂ. શ્રી પોતાના ક્રમમાંથી નિવૃત્ત થઇ સવારે ૧૦ વાગ્યે ટી. વી. ઉપર કાર્યક્રમ જોવા નીચેના બેઠકરૂમમાં પધારે છે. શ્રી સુરેશભાઇએ ટી. વી. ઉતારાના રૂમમાં ગોઠવી આપવાની તૈયારી કરી, પણ પૂ. શ્રીએ તે ના પાડી, નીચેના રૂમમાં જ પૂ. શ્રી હાથમાં માળા લઇ પધારે છે. પૂ. શ્રી માનસિક જપ માળાવડે કરી રહ્યાં છે. બરાબર દશ વાગે ટી. વી. ઉપર કાર્યક્રમ જોવા મળ્યો.

આજે સુરેશભાઇને ખૂબ આનંદ છે. પૂ. શ્રીનો કાર્યક્રમ જોવા મળ્યો અને તેની કાયમી સ્મૃતિ માટે તેઓએ તેને મૂવી



ફિલ્મમાં પણ ઉતારી લીધો. મૂવી ફિલ્મ માટે તેમણે ખૂબ ખર્ચ કર્યો છે. પૂ. શ્રી માટેનો તેમનો પૂજ્યભાવ એ બધું કરવા પ્રેરે છે. પૂ. શ્રીએ વારંવાર ના પાડી છે, પણ શ્રી સુરેશભાઇ મૂવીનું પવિત્ર સંભારણુ અધિક ખર્ચે પણ સાચવી લેવા તત્પર છે.

કાર્યક્રમ સરસ થયો. પ્રથમ ગુજરાતીમાં, પછી હિન્દીમાં દિવાળીનો સંદેશો પૂ. શ્રીએ આપ્યો.

કાર્યક્રમ બાદ પૂ. શ્રીએ દોઢ કલાક લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ ખીચડી શાકનું ભોજન તૈયાર કર્યું. સુરેશભાઇ–વિમળાબેને આજે સાથે બેસીને પૂ. શ્રી સાથે ભોજન લીધું.

ભોજન બાદ ૧ વાગે બપોરે નાયગ્રાફોલ જોવા ગાડીમાં ગોઠવાયાં. ગાડીમાં પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરીએ પોતાની માળા કરી. વિમળાબેન વગેરેએ યમુનાષ્ટક, સર્વોત્તમ સ્તોત્ર વગેરેનો પાઠ કર્યો.

નાયગ્રાના ધોધ પાસે આવી ગયા. ૨ ડોલર આપવાથી પાર્કિંગ માટેની ટિકિટ મળે છે. ગાડી પાર્ક કરી ધોધ પાસે જવાનું બન્યું.

ધોધ બે ભાગમાં વહેંચાયેલો હતો. નાનો ધોધ હતો તે અમેરિકન ફોલ તરીકે ઓળખાતો હતો અને કેનેડાની સરહદે ઘોડાની નાળ જેવા અર્ધચંદ્રાકારે નાયગ્રાફોલ વહેતો હતો.

ત્રણ સરોવરો એક થઇ જાય છે ને ત્યાંથી આ ધોધ (ફોલ) શરૂ થાય છે. કેનેડાને અમેરિકા વચ્ચે એક પૂલ છે. જે પૂલનો મધ્યભાગ પીસ સેન્ટર (આંતરરાષ્ટ્રીય શાંતિમથક) ને નામે ઓળખાય છે. ત્યાં કેનેડાનો અમેરિકાનો ને એક ત્રીજો ધ્વજ પણ લગાડેલો છે, અમેરિકન ફોલ જોવા માટે પૂલ પસાર કરીને જવાનું બને તો પાસપોર્ટ લઇ જવો પડે.

લીલો ને સફેદરંગનો ભયંકર જળપ્રવાહ વહી રહ્યો હતો. એ ધોધ જ્યાં પડતો હતો તે સ્થાનમાં સ્ટીમલોંચમાં પણ જઇ શકાય. પણ સમય ન હોવાથી જવાનું ન બન્યું. પોતાના જોખમે ત્યાં પ્લાસ્ટીકનાં કપડાં પહેરીને સ્ટીમલોંચમાં બેસવાનું હોય છે.

ફોલ ઉપર હજારોની સંખ્યામાં લોકો ઊભા હતાં. કોઇ ફોટા પાડે, કોઇ વળી દૂરબીનમાં ૨૫ સેન્ટ નાંખીને જોતાં હતાં, કોઇ એમનેમ લટાર મારતાં હતાં.

ભોજન બાદ મુસાફરી તરત જ શરૂ થઇ હોવાથી તરસ લાગી, તો કોકાકોલાના ચિત્રવાળા બે બંધ ગ્લાસમાં પાણી સળીથી પીવા માટેનું મળ્યું. સ્વચ્છ પાણી પીવામાં આવ્યું ત્યારે પ્રેમીભાઇઓએ પૂ. શ્રીની તસ્વીર ઝડપી લીધી. તસ્વીર-માં કોકાકોલા પીતા હોય એવું જણાય, પણ શુદ્ધ પીવાનું પાણી તેમાં ભર્યું હતું.

પૂ. શ્રીની સાથે સૌ ભાઇબેનો ગરમકોટથી સજ્જ હતાં. ત્યાં ઊભેલા સૌ કોઇ પગથી માંડીને માથા સુધીનાં ગરમ કપડાંથી સજ્જ હતાં.

પૂ. શ્રી તો પોતાના દરરોજના પહેરવેશમાં જ પગમાં ચંપલ ને શરીરે ધોતીયું ને શાલ પરિધાન કર્યાં હતાં.

પરિણામે સૌ કોઇ મુલાકાતીઓમાં પૂ. શ્રી અનોખા લાગતા હતા. ત્રણેક મુલાકાતીઓએ અમારી સાથેના ભાઇને બોલાવીને પૂ. શ્રી માટે પૂછપરછ શરૂ કરી. તેઓ કેનેડાના જ (પર-દેશીઓ) હતા.

"આ કોણ છે? એમને ઠંડી નથી લાગતી?" અમારા સાથીદારે કહ્યું—"એ તો અમારા ધર્મગુરુ છે. એમને તો ઠંડી લાગતી જ નથી, અમે ૧૯૭૮ માં અહીં પ્રથમવાર નાયગ્રા



જોવા આવેલા, ત્યારે તો અહીં બરફ જ છવાયેલો હતો. અમને સૌને ત્યારે પણ ખૂબ ઠંડી લાગી હતી, પણ એમણે ઠંડીની ફરિયાદ કરી ન હતી. તો આજે તો હવામાન ઘણું સારું છે."

તમે હિમાલયનું નામ સાંભળ્યું છે?

હા. ભારતનો તે પર્વત છે.

તો તમને હવે વાત કરું કે હિમાલયમાં ખૂબ ઠંડી પડે. ત્યાં જ તેઓએ તપ કર્યું. સાત વર્ષ સુધી ઊંઘ નથી લીધી. પાંચ વરસ સુધી તેમણે મૌન રાખ્યું હતું. પ્રભુની કૃપા મેળવી.

તે પરદેશી મુલાકાતીઓને ખૂબ ખૂબ આશ્ચર્ય થયું. બીજી પણ વાતો થઇ.

નાયગ્રાફોલ જોવા ઊભા હતા, ત્યાં ઘણા ઘણા ફોટાઓ લીધા. આજે સૂર્યનારાયણનો તડકો હતો, જેથી આ સ્થળે આમ ઠંડી ન લાગી, પણ ત્યાં તો ઓચિંતો વરસાદ પડે એ રીતે પાણીની ધારાઓ (ધોધ ઉપરના પવને દિશા બદલી જેથી) અમારા સૌ ઉપર વરસવા લાગી. વરસાદનું એક સખત ઝાપટુ જાણે ત્યાં આવી રહ્યું. પરિણામે ઝડપથી અમે ત્યાં આવેલી એક હોટલની બહારની છત નીચે પહોંચી ગયાં. નાયગ્રાફોલ જોઇને લગભગ ૭૦ કિલોમીટર દૂર હેમીલ્ટન શહેરમાં આવી ગયા. અહીં મેક માસ્ટર યુનિવર્સિટીના એક હોલમાં પ્રવચન હતું. એનું આયોજન આ શહેરના હિન્દુ પ્રાર્થના સમાજે કર્યું હતું. હોલમાં રામાયણ પાઠ ચાલતો હતો. શ્રોતાઓ હજારોની સંખ્યામાં બેઠા હતા. પાઠ બંધ થયો. પ્રવચન શરૂ થયું.

પૂ. શ્રીની બેઠક ઉપરથી શ્રોતાઓનો વર્ગ દેખાતો ન હતો જેથી પૂ. શ્રીએ ઊભા થઇને પ્રવચન આપવાનું નક્કી કર્યું. પાછળથી પૂ. શ્રીની બેઠક ઊંચી કરવામાં આવી. પ્રવચન બાદ

સર્વેશ્વરી ભજનો ગવડાવે છે.

પ્રવચનબાદ ત્યાંથી વિદાય થઇ ૧૨ કિલોમીટર દૂર બર્લિંગ્ટન શહેરમાં આવી ગયા.

૧૯૫૨ થી પૂ. શ્રીના પરિચયમાં આવનાર શ્રી કામદાર-ભાઈ આ શહેરમાં રહેતા હતા.

પૂ. શ્રીનું એમના ઘરે આગમન થતાં એમને ખૂબ આનંદ થયો. પૂ. શ્રીને થોડો આરામ મળે, વળી દૂધ ફળ વગેરે લેવા-માં આવે, એ દૃષ્ટિએ અહીં આવવાનું ગોઠવાયું હતું.

પૂ. શ્રી ને સર્વેશ્વરીનું ચંદનપુષ્પથી સ્વાગત થયું. પૂ. શ્રીની આરતી ઉતારી. પૂ. શ્રીએ ફળદૂધ લીધાં. સાથે આવનાર ભાઇ-બેનોએ ભોજન લીધું. સર્વેશ્વરી પાસે બે ભજનો યજમાનની ઇચ્છાથી ગવડાવ્યાં.

પછી આવતા શનિરવિ તા. ૩૧ મીએ અહીં છ કલાકની મુસાફરી કરીને પીટ્સબર્ગ હરેકૃષ્ણ મંદિર જોવા જવાનું અથવા મોન્ટ્રીયલમાં તા. ૩૧ મીએ પૂ. શ્રીને મળેલું પ્રવચનનું આમંત્રણ સ્વીકારવું. એ અંગે ચર્ચા થઇ.

પૂ. શ્રીએ પોતે પરમશક્તિનો સંપર્ક કરી નિર્ણય મેળવી આજ્ઞા માંગી લીધી, જે કાગળ લિપિબદ્ધ થઇ હતી. પણ બેઠેલા સૌ ભાઇબેનોને જાણ ન કરી.

ત્યાંથી વિદાય થઇ રાત્રે ૯ વાગે ઘરે આવી ગયા. માર્ગમાં પરદેશ આવતા કથાકારોને સંતો લોકો પાસે કેવી કેવી રીતે પૈસા પડાવે છે તેની વાતો જાણવા મળી. પૂ. શ્રીને એ જાણી ખૂબ દુઃખ થયું. સંતોની છાપ કેવી હોવી જોઇએ, એ અંગે વાતો થઇ. હરિઃ ૐ (ક્રમશઃ)



### કર્પૂરવનના એક દાક્તરના

# આધ્યાત્મિક પ્રતિભાવો

ડૉ. લતેશ પટેલ

વિરલ વિભૂતિ પરમ પૂજ્ય યોગેશ્વરજી મહારાજ દિવ્ય આત્મા પૂજ્ય શ્રી મા જ્યોતિર્મયીજી. મમતામયી કરુણામૂર્તિ શ્રી મા સર્વેશ્વરીજી. સંનિધિ પર્વરૂપી જ્ઞાનગંગા કર્પૂરવન સુધી લાવવાનું ભગીરથ કાર્ય કરનાર શ્રી રમેશકાકા, શારદાકાકી, શ્રી જગદીપભાઇ, નયનાબેન તથા પરિવાર અહીં ઉપસ્થિત સાધક ભાઈઓ અને બહેનો.

મનુષ્ય પોતાના જીવન ઘડતરની શરૂઆત બાળમંદિરમાં સ્લેટથી કરે છે. એક સ્લેટ એક જ બાળકનું જીવન ઘડતર કરે છે, પરંતુ આટલા વિશાળ જનસમુદાયનું જીવન ઘડતર પૂ. માની એક જ સ્લેટથી થયું એમ કહી શકાય. પૂજ્ય મા અને સાધકો એકબીજા સાથે સૂક્ષ્મ સ્વરૂપે અંતરથી જોડાયેલા જ હોય છે. પરંતુ સ્થૂળ સ્વરૂપે પૂજ્ય મા અને સાધકો વચ્ચેની સુવર્ણ કડીરૂપે સ્લેટનું મહત્ત્વ વિશેષ છે. ઘણી સામાજિક સેવાઓ આ સ્લેટથી થયેલ છે. એ દિવ્ય સ્લેટને શતશત પ્રણામ.

ભારતમાં રહેતા લોકોને પૂર્વગ્રહ હોય છે કે વિદેશમાં ઉછરેલા બાળકો પીઝા કલ્ચરમાં જીવે છે, પરંતુ અહીં એમણે તબલાવાદન અને લઘુનાટિકા એવી રીતે ભજવી કે એ જાયો પછી એમનો પૂર્વગ્રહ દૂર થયો. પૂજ્ય માદ્વારા થયેલા ઉત્કૃષ્ટ ઘડતરનો આ એક નમૂનો હોઇ શકે. માનવોના સંસ્કારનું ઘડતર એના કુટુંબમાંથી અને ગુરુસાન્નિધ્યમાંથી થાય છે.

સત્‌યુગમાં આજ ભારતભૂમિમાં દાનવોની સાથે દેવો પણ હતા.

આજે માનવી આકાશમાં ઉડતાં શીખ્યો છે. અવકાશયાન ઉપર બેસીને ચંદ્ર ઉપર પહોંચી ગયો છે. પાતાળમાં તરતાં શીખ્યો છે. અનેક અવનવાં સંશોધનો કર્યાં છે. પરંતુ જે ભૂમિ ઉપર એણે જન્મ લીધો એ ભૂમિ ઉપર ચાલતાં શીખ્યો નથી. ચાલતાં શીખવા માટે એને સંયમિત જીવનશૈલી અને ગુરુ-સાન્નિધ્ય જરૂરી છે.

અનાદિકાળથી ગુરુનું માહાત્મ્ય રહેલું છે. ભૂતકાળમાં અને વર્તમાનમાં અનેક વિભૂતિઓનું ઘડતર ગુરુદ્વારા થયેલ છે. પૂજ્ય માની ગુરુભક્તિ ઉપરથી આપણને પ્રેરણા મળી શકે.

સત્ત્વ એ મનનો ગુણ છે. રજ અને તમ એ બે મનના દોષ છે. ગુણ અને દોષનું સંતુલન એટલે સ્વસ્થ મન. ગુરુ સાન્નિધ્ય-થી એ સંતુલન જળવાઈ રહે છે. અને અધ્યાત્મ તરફ જવાનો એ પાયો છે. સ્વસ્થ મન એ અધ્યાત્મ તરફ જવાની પ્રાથમિક લાયકાત છે.

વરસ દરમ્યાન ઘણી વખત Medical Camp.નાં આમંત્રણ મળે છે. જવાનું પણ થાય છે. દરેક Camp. સેવાભાવી હોય છે. એટલે દરેક કેમ્પ સારા થાય છે. પરંતુ ''સ્વર્ગારોહણ''માં આયોજિત Medical Camp.માં જે આત્મિક આનંદ થયો તે અવર્ણનીય હતો.

''સ્વર્ગારોહણ''નું વર્ણન શબ્દોથી કરવું એટલે દસ ફૂટ દૂર-થી ગુલાબના પુષ્પની સુગંધનું વર્ણન કરવા બરાબર છે. જે વ્યક્તિ ગુલાબના પુષ્પની સુગંધનું વર્ણન શાબ્દિક રીતે કરી શકે એ જ વ્યક્તિ સ્વરગારોહણનું શાબ્દિક વર્ણન કરી શકવા સમર્થ છે.



અનુભવવાની ક્રિયા શબ્દોમાં નથી સમાતી.

સંનિધિપર્વમાં પૂજ્ય માની લાડકી બાળાઓનો જે સંગીત સાધનાનો કાર્યક્રમ થયો એનો ત્રિવિધ લાભ એ થયો કે એક તો એમનો આત્મવિશ્વાસ વધવાથી એમને પ્રોત્સાહન મળ્યું. બીજું એમની ઉંમરની જે બાળાઓએ કાર્યક્રમ જોયો એમને પ્રેરણા મળી. ત્રીજુ જે શ્રોત્રાઓએ કાર્યક્રમ માણ્યો એમને સંગીતનું રસપાન થયું.

માનવ નિર્મિત ઉપગ્રહ, માનવ નિર્મિત વિજાણું યંત્ર કે T. V. જેવી સૂક્ષ્મ સ્વરૂપે અસર કરે છે; Live Telecast થાય છે ત્યારે જ્યાં ઘટના થતી હોય છે તે જ ક્રિયા સૂક્ષ્મ તરંગો-દ્વારા ઉપગ્રહથી ઝીલાઈને ઘરમાં મૂકેલ Television Set ઉપર સંભળાય છે, દેખાય છે. જ્યારે આ ક્રિયા ચાલતી હોય છે, ત્યારે ઘરમાં રાખેલ બીજા કોઈ પણ ઉપકરણ ઉપર એની અસર થતી નથી. એ સૂક્ષ્મ તરંગોની અસર T. V. ઉપર જ જોઈ શકાય છે. એ જ પ્રમાણે ઈશ્વર નિર્મિત ગ્રહોની અસર ઈશ્વર નિર્મિત માનવમન ઉપર જ થાય છે.

આ સૂક્ષ્મક્રિયા સૂક્ષ્મ તરંગોદ્વારા ગ્રહોની સ્થિતિ પ્રમાણે માનવમન ઉપર અસર કરે છે. એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે અને એ અસર માનવશરીર ઉપર દેખાય છે.

ગ્રહવિજ્ઞાન કે જ્યોતિષવિજ્ઞાનમાં માનવાનું આ એક કારણ હોઈ શકે. જરૂર છે સાચા અને જ્ઞાની જ્યોતિષી નિર્માણ કરવાની.

ભારતમાં સર્વોચ્ચ શાસકીય સેવા I.A.S. કે I.P.S. થવા માટે Minimum Qualification સ્નાતક થવું જરૂરી છે. એવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે ગુરુ સાન્નિધ્ય અને

ભારતીય સંસ્કૃતિ વિષેનું જ્ઞાન પ્રાથમિક લાયકાત છે. જે માનવી પાસે આ બે વસ્તુ નથી એણે આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ માટે બાળમંદિરથી શરૂઆત કરવી પડે. વિદેશમાં વસતા કોઇ પણ મનુષ્ય પાસે ભારતીય સંસ્કૃતિ વિશેનું જ્ઞાન અને ગુરુ-સાંનિધ્ય હોય તો એ આધ્યાત્મની મુખ્ય પરીક્ષામાં બેસી શકે છે.

પરંતુ એ હકીકત છે કે દરેક સ્નાતક I.A.S. કે I.P.S. પાસ થશે જ એની ખાતરી નથી. એવું જ આધ્યાત્મક્ષેત્રમાં પણ છે. સંયમ રાખીને પ્રયત્ન કરવાથી કંઇક જ્ઞાન મળી શકે છે.

આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવા માટે સંન્યાસ લેવો જરૂરી નથી. પૂજ્ય માનો પણ વિશાળ પરિવાર છે જે અહીં ઉપસ્થિત છે. સંયમિત જીવનશૈલી, સાત્ત્વિક વિચારધારા અને ગુરુ-સાન્નિધ્ય આધ્યાત્મિક ઉન્નતિ કરાવી શકે છે.

અને છેલ્લે.....

પૂજ્ય માની પ્રાગટ્યભૂમિમાં સંનિધિપર્વ નિમિત્તે કર્પૂર-વનમાં દિવ્ય આનંદનો ઉત્સવ મનાવાતો હોય ત્યારે એવું લાગતું હતું જાણે કે અયોધ્યામાં ભગવાન શ્રી રામચંદ્રનું આગમન થયું છે. જય કૃપાળુ મા.

○



# સાભાર સ્વીકાર

**તંત્રી**

રામકૃષ્ણ મઠ, ખાર, મુંબઇ તરફથી અધ્યાત્મને બે પુસ્તકો ભેટ મોકલવામાં આવ્યાં છે. એક પુસ્તક અંગ્રેજી છે તેનું નામ છે Rejuvenation of India : Vision of Swami Viveka nanda. આ મોટી સાઇઝનું પુસ્તક ૨૦૨ પાનાનું છે ને તેની કિમ્મત માત્ર રૂા. ૨૦/– છે. તેમાં મિશનના સ્વામીઓ અને અન્ય વિદ્વાનોએ તા. ૨૨, ૨૩ ડીસેમ્બર, ૨૦૦૧ ની ચર્ચા સભામાં જે વક્તવ્યો આપેલાં, તેનું સંકલન છે. પૂ. સ્વામી વિવેકાનંદે ભારતના ઉત્થાનની કેવી કલ્પના કરેલી તે મૂળ વિષય ઉપર આ ચર્ચાઓ વૈજ્ઞાનિક ઢબે થયેલી. તેમાં ભાગ લેનારાઓ ભારતના જાણીતા ઉદ્યોગપતિઓ, અર્થશાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ અને આધ્યત્મવાદીઓ હતા. તે જાણવામાં રસ ધરાવનારાઓને તે ઉપયોગી બને તેવું છે.

બીજું પુસ્તક 'મંત્રપુષ્પમ્' સંસ્કૃતમાં છે, તેમાં સંસ્કૃત ભાષામાં લખાયેલાં પ્રચલિત સ્તોત્રો ઉપરાંત, બધાં જ મહત્ત્વનાં ઉપનિષદો તેમ જ પાતંજલયોગદર્શન વગેરે છે. નાના સાઇઝ-નાં ૬૦૦ થી વધારે પાનાવાળા આ પુસ્તકની કિંમત રૂા. ૬૦/– છે. સરસ કાગળ ઉપર સુંદર વેદોક્ત સંસ્કૃત ભાષામાં કોઇ પણ ભૂલ વગર છપાયેલું આ પુસ્તક ઉપનિષદોમાં રસ ધરાવતા વિદ્વાનોને માટે સારી ટેક્સ્ટબૂક જેવું છે. આ પુસ્તક પણ રામ-કૃષ્ણ મિશન, ખાર, મુંબઇમાંથી મળી શકશે.

# મૌન જેની ભાષા છે

**એક અનામી ભક્તબેનનો પ્રતિભાવ**

૨૧, ડીસેમ્બર ૦૩ ના બપોરે ત્રણ વાગ્યાથી ૬ સુધી ગુજરાતના બધા જ કુલ ૨૬ જિલ્લાનાં ધોરણ ૧૨ માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ બંનેમાં દરેક જિલ્લામાં પ્રથમ આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું ''શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'' તરફથી ''યોગજ્યોત ગૌરવ'' પારિતોષક વિતરણ સમારોહ પૂજ્ય શ્રી મા સર્વેશ્વરી સંનિધિપર્વનો એક મહત્ત્વપૂર્ણ સમારોહ... અને એ સમારોહનું દર્શન એ જાણે એક અમૂલ્ય લ્હાવો.

સ્થળ સુરતનું ''ગાંધી સ્મૃતિ ભવન'' અને એ આખુંય ભવન ભરચક, એકેય સીટ ખાલી નહોતી. ઘણાં ભાઇઓ બહેનો દાદર ઉપર ઊભાં પણ હતાં, આટલા બધા માણસો છતાંય વાતાવરણ શાંત, સામે સ્ટેજ ઉપર આ આખાય કાર્યક્રમના મૂળ પ્રેરણાસ્રોત પૂજ્ય શ્રી ગુરુદેવ યોગેશ્વરજીનું સ્વરૂપ અને પૂ. શ્રી મા સર્વેશ્વરી બિરાજમાન હતાં. તો બાજુમાં અતિથિવિશેષ તરીકે શ્રી કુમારપાળ દેસાઇ તેમ જ શ્રી લક્ષ્મેશભાઇ જોષી અને શ્રી નારાયણભાઇ જાની અને ધીરૂભાઇ દેસાઇ શોભાયમાન હતા. ઉદ્‌ઘોષિકા તરીકે પ્રો. શ્રી તરલાબેન દેસાઇ, જાણે ઉત્તમ વ્યક્તિઓનો એક મેળાવડો.

મને ઘણીવાર કોઇક પૂછી નાંખે છે કે—આ મા બોલતાં નથી તો પછી આ બધા માણસો કેમ એમની પાસે જાય છે? દૂર દૂરથી આટઆટલો ખર્ચ કરીને? તો મારો પહેલો જવાબ છે... પરમકૃપાળુ પરમાત્મા પણ ક્યાં બોલે છે? આપણી સાથે... એ



મૌન રહીને આપણને જોયા કરે છે. અહીં તો શ્રી માને આપણે જોઇ શકીએ છીએ અને પૂજ્ય શ્રીમાનું મૌન પરમાત્માની માફક જ સમર્થ છે. એ સંકલ્પમાત્રથી અમારી અંદર કંઇક એવું કરી દે છે જે એની મરજી વિના અશક્ય હોય.... અમારા સામર્થ્યની બહાર હોય... અમારી સીમા અમે જાણતા હોઇએ પણ જો શ્રી માની મરજી હોય તો અમે અમારી શક્તિની ઉપરવટ થઇને હનુમાનસમાન કૂદકો લગાવી શકીએ... મહિમા એ મૌન અતિપવિત્ર વ્યક્તિત્વનો છે. શ્રી મા પ્રસિદ્ધિનું સ્થૂળ લપસણું પગથિયું ટટ્ટાર ઊભા રહીને કૂદી ગયાં છે. પૃથ્વી ઉપરનું એક અદ્‌ભુત વ્યક્તિત્વ એ જ શ્રી મા.

શ્રી નારાયણભાઇ જાની જે ૮૪ વર્ષના છે અને 'અધ્યાત્મ' માસિકનાં તંત્રી છે. હજીય એકદમ સ્વસ્થતાપૂર્વક યુવાન જેવી તાઝગીથી પોતાનાં કામો કર્યે જ જાય છે. એમની વિશેષતા એ કે એઓ શ્રી ગુરુદેવ યોગેશ્વર પ્રભુના સહાધ્યાયી બાલસખા... એમણે પૂજ્ય ગુરુદેવની વાતો કરી એના મહાન ગ્રંથોનાં સર્જક શ્રી યોગેશ્વરપ્રભુને એમનું સાહિત્ય લખવા માટે કોઇ વિશેષ સગવડ ન્હોતી જોઇતી અને પ્રભુ તો સમાજ માટે લખતા હતા કહેતાં કે ''જો ન લખાય તો રોટલો ખાવાનો કોઇ અધિકાર નથી.''

પૂજ્ય શ્રીની આત્મકથા ''પ્રકાશના પંથે''નું ફરીવાર પ્રકાશન થઇ રહ્યું છે એ ખૂબ ગૌરવની વાત છે. સાથે જ પ્રકાશક શ્રી નાનુભાઇને યાદ કર્યા. ખૂબ સુંદર અનુભવથી સંપન્ન વાતો કરી. જેઓ શ્રી ગુરુદેવના દર્શન કરી શક્યા નથી એમને માટે ખૂબ મહત્ત્વની વાતો.

શ્રી કુમારપાળભાઇ દેસાઇ સાહિત્ય જગતની એક જાણીતી

વ્યક્તિ ‘‘ઈંટ અને ઈમારત’’ કોલમના એઓ લેખક. એમનાં કામો પણ ઉત્તમ. ‘‘ગુજરાતી ભાષાનાં વિશ્વકોષ પ્રકાશન પ્રવૃત્તિ સાથે ખાસ જોડાયેલ વ્યક્તિ.’’

એમણે વિદ્યાર્થી જગતને આજના આ અદ્‌ભુત પ્રસંગે જે ઈનામો, જે સન્માન મળી રહ્યું છે તેની વિશેષતા વિશે કહ્યું. જીવનનાં સંઘર્ષ વિશે કહ્યું. તેજસ્વી વિદ્યાર્થીઓને આ શ્રી મા સર્વેશ્વરીની સંનિધિમાં એક ઉત્તમોત્તમ આશીર્વાદ મળી રહ્યા છે તેની વાતો કરી.

શ્રી લક્ષ્મેશભાઈ જોષી સંસ્કૃતનાં જાણકાર પ્રોફેસર ખૂબ જ પ્રભાવશાળી અવાજ. એમણે માંડુક્ય ઉપનિષદ્‌ની વાતો કરી. પિતા પૂછે છે પુત્રનેઃ—

‘‘જે એકને જાણવાથી સર્વ કાંઈ જાણી શકાય એવી અનોખી વિદ્યા શું તું ભણ્યો છે?

શ્રી નાની પાલખીવાળાએ કહ્યું છે કે આખા જગતને દોરી શકે એવી ૧૨ વ્યક્તિઓનાં નામ આપવાનું મને કહે તો શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય એમાંનાં એક હોય. એ ઉદાહરણથી વિદ્યાર્થીઓને સાચી વિદ્યાની જાણે દિશા ચીંધી.

શ્રી હિમાંશુભાઈ પાઠકે પૂજ્ય ગુરુદેવપ્રભુને વીસમી સદી-ના નરશ્રેષ્ઠ કહ્યા. સુંદર વાતો કરી.

ત્યારબાદ ઉપસ્થિત ૫૩ બાળકોને ઈનામ અપાયાં.

પૂ. શ્રી માની અનોખી રીત છે. ઈનામમાં જે મળ્યું કે અપાયું તે એવોર્ડની ડીઝાઈન શ્રીમાએ જાતે બનાવી છે. દરેકને ઈનામની રકમ સાથે એવોર્ડના શિલ્ડ ઉપર દરેકનાં નામ સાથે પ્રસાદમાં પુસ્તકો ને બીજો પ્રસાદ તો ખરો જ. આ બધી વસ્તુનું એક કીટ બનાવી અર્પણ કરાયું. પૂ. શ્રી માના વરદ હસ્તે સૌને



એક વિશેષ આશીર્વાદ મળ્યા. બાળકો સ્ટેજ ઉપર આવતા ગયા...એમના વિશેની માહિતી બોલાતી ગઈ અને તાળીઓ-ના ગડગડાટથી આખું ભવન ગૂંજતુ ગયું...એક બાળકીને ઈનામ લઈને સ્ટેજ ઉપરથી જતાં પહેલાં કંઈક બોલવાનું સૂઝયું, સીધી માઈક ઉપર જઈને ખૂબ જ સહજતાપૂર્વક પોતાને થતી લાગણી દર્શાવી...અને આ નાનકડી વિદ્યાર્થીનીના નાનકડા પણ મીઠા પ્રતિભાવે કાર્યક્રમને અનોખો વળાંક આપ્યો. બાળકો એક પછી એક પોતાના પ્રતિભવો સાવ સહજતાપૂર્વક, સરળ-રીતે બોલતાં ગયાં...આ પ્રોગ્રામ અગાઉથી ગોઠવ્યા વિનાનો હતો...બાળકો કોઈ લખેલું બોલતાં ન હતાં. સહજ અંતરના ઉમળકાથી પ્રતિભવો આપતાં ગયાં...આખા પ્રોગ્રામની ફલ-શ્રુતિ સૌએ નજરે નીહાળી. શ્રોતાઓ આ સૌ બાળકોને વધાવ્યા વિના, શુભાશિષ આપ્યા વિના કેમ રહી શકે?

મારી નજરોએ દીઠેલો આ એક ઉમદા અનોખો શિક્ષણને સન્માનવાનો પ્રયોગ. આની અંદર જે પ્રોગ્રામની નવીનતા દેખાય એ પૂ. શ્રીમાને આભારી છે. એમની એક અનોખી કાર્યશૈલી છે. આ અદ્‌ભુત વિચક્ષણ, દક્ષ અને દરેક વાતોમાં અત્યંત ચતુર એવા શ્રી માને અમારા ખૂબ વંદન.

શ્રી માનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. પોતે પરમપથનાં અનુરાગી છે. પોતાનું શિશ સમર્પિત કરીને ઈશ્વરના આ અતિકઠણ માર્ગ ઉપર વ્રત, તપ, જપનો ત્રિવેણી સંગમ જાતે જ બની ગયા છે અને મૌન રહીને એવાં એવાં કામો કરી રહ્યાં છે કે શબ્દો ક્યારેક એ ગાથા ગાવા માટે વામણા બની જાય. શ્રી મા ૧૯૯૫ થી મૌન રાખે છે, પણ અમારી વચ્ચે વિસંવાદ ક્યારેય થયો નથી. એમનુ મૌન ખૂબ સમર્થ છે. બોલ્યા વિના

એ હૃદયમાં મસ્તીષ્કમાં પગપેસારો કરીને અમારી પાસે મન-ગમતું કામ કરાવી લે છે. એમનાં સત્કર્મોનો લોકોમાટે વરસતો પ્રવાહ એટલો વિપુલ છે કે શું અને કેટલું ગણાવીએ! છતાં અહીં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ જે કામ કરે છે તેની યાદી ટૂંકમાં ગણાવું છું. પણ શ્રી મા નોંધ્યા વિના અનેક અજાણ્યા લોકો માટે જે દાનનો પ્રવાહ વહેવડાવે છે તે તો શ્રી મા પાસે વસતાં લોકો જ જાણે.

શ્રી મા આપણાં છે. આપણાં ભક્તસમાજનાં ગૌરવ સમાન છે. અરે! ભક્તસમાજના ઝળહળતા રત્નોની ખાણ જેવાં, અરે, મૂકુટ જેવાં છે. એટલે આવો, આપણે એમને ઓળખીએ. સંતો આ પૃથ્વી ઉપર વારંવાર ઈશ્વરના સંદેશવાહક તરીકે આવતા જ રહે છે...શ્રી કબીરજીનાં દર્શન આપણે કર્યાં નથી. તો આ સમયે આપણી પાસે જેમનું કર્મ—જેમનો ધર્મ એકમાત્ર ઈશ્વર જ છે, જેઓ સ્વાર્થરહિત આપણી વચ્ચે વસીને એક મંગલમય સેવાનો અખંડયજ્ઞ ચલાવી રહ્યાં છે, તો આપણે પણ એનો એક હિસ્સો થઈએ, સેવામૂર્તિ મા ભલેને મૌન રહે, એ મૌન એમના પરિચયમાં આવીએ પછી, પ્રેમની એક મીઠી શીતળ ઝરણી બનીને આંખોથી, હાથોથી, શબ્દો વડે શ્રી માની સ્લેટમાં ફૂટતી રહે છે. શ્રી કબીર સાહેબ સતસંગ ઉપર ખૂબ ભાર મૂકે છે. તો આપણો અહં ત્યજીને આ સંતોની નિશ્રામાં થોડુંક જો બેસીએ, તો આપણે સૌ કંઈક એવું પામી શકીશું જેનો નાશ ક્યારેય થતો નથી.

'પ્રેમ ન બાડી ઉપજે, પ્રેમ ન હાટ બીકાય.'

પ્રેમ કોઈ બગીચામાં ઉગતો નથી, કે કોઈ બજારમાં વેચાતો મળતો નથી.



'રાજા પરજા જેહિ રુચૈ શિશ દેઈ લે જાયે'...

શ્રી માએ પોતે માથું આપીને પરમાત્માનો પરમ પ્રેમ પામી લીધો છે એ પ્રેમ પદારથ કદાચ એમના સાંનિધ્યમાં આપણને એનો અંશ પણ મળી જાય...પરમાત્માનું મધુર સંગીત શ્રી માના રોમેરોમમાં વાગી રહ્યું છે તેની ઝાંખી આપણને પણ થઈ જાય...તો જીવનની ધન્યતા અનુભવાય.

હે મારી પ્રિય મા...

પ્રણામ...આજના સમારંભ પછી હું જાણે ૧૬ વર્ષની થઈ ગઈ, દૂરથી તમને આંખો ભરી જોયા કર્યાં.... તમે પ્રેમનાં અદ્‌ભુત તત્ત્વ સમાન છો. સાથે જ દુનિયાની અજાયબી જેવાં છો, પણ એક વાત કહું અમે નસીબવાળાં છીએ કે આપને જોઈ શકીએ છીએ. અરે! હું શું કામ લખું છું? આજે સાંજે તો આપણે મળીશું જ ને?

**પ્રણામ.**

**As Viewed by a Canadian youth**

# Celebration of Sannidhi Parva

**Anil Lad, Canada**

Dear Devotees of Maa!
Jai Krupalu Maa.

I am back from India.Sorry this e–mail is little too late, but only now I am getting used to the cold winter in Toronto, so I thought I should at least say JKM to all of you via e–mail. Thank you for putting up with my long e–mails. Towards the end though, I couldn't catch up with all the fast activities Maa had lined up–trip to Haridwar, to Jaipur, to Devprayag. If you're interested I might send you long e–mails on that (just kidding!).

I cannot say I am happy to be back, because in India I got used to different way of life. But for some of us our work is allotted here, so I had to be back. I was happy to see you all at the last satsang. I hope to see many more of you at the upcoming Satsang.

The trip was really excellent. Looking back, it appears Maa & Prabhu were really looking after well being of all the bhaktas. During the Sannidhi Parva (6 days of festival in Kapura) no one got sick; no worries about what to eat, when to eat; where to sleep–



everything was taken care of by Maa! Nobody missed the plane, bus or boat to get to the Sannidhi Parva. No deaths reported in the Kapura Daily newspaper*(see note1 below). I did missed many you of though. At least in the Calgary Shibir, I would hear that so and so youth is coming from this city. Understandably India is not near, so even if I had wished, it was not feasible for many of you to attend the Sannidhi Parva. Nonetheless, I did get to see Many LA Youths. They came in a cart load–Wow were they ever ready! If I am not mistaken, they performed Natak, dance or something each day! Words cannot do enough justice to the amount of effort they put in their work. They must have practiced the dramas for months to able to present them in such a flawless manner as they did! The youths there have grown a lot. Also got see youths like Rajubhai and friends from New Jersey. Small in number as they were though, they also put up one great new drama depicting a day in Maa's childhood! It was very halarious.

Maa also recognized our efforts to celebrate her 60th year. The 60000 Pranam Goal was read out in front of 2000 people by the chief MC Shri Rajubhai Jani. As per Maa's instruction, each name was read out loud; how many pranams he or she did for the year etc. Maa also placed the Card/chart for display which Yogesh Lad

so beautifully prepared, in the Hall where everyone got to see it up close. Maa said she was proud to see that "Our India also lives abroad. Their efforts and achievements are inspiration to the youths here in India." Maa really praised us. Saying this, she asked the children sitting in front of her, "who will want to do pranams now?" Naturally all the little hands went up. Thus Maa, by our examples, was encouraging the youths in India to give up Thumbs Up (Coke) and Pepsi and to practice pranams in their daily lives!

Also let me tell you, that when the Sannidhi Parva Video does come out, I encourage everyone to buy the set. I may be fooled in saying this, but let me tell you the videographers there have done a tremendous job in capturing the live events of the Sannidhi Parva. They had multishoot camera team recording all the events.

Maa was really happy. Had never seen Her so happy. Also worth noting..., although we got Maa's Darshan everyday, Maa was not accessible like here in the west! Surprising as this may sound–and as I have told some of you–practically no one ever got personal time with Maa! Maa was the centre of all the events. She was probably the last person to go to bed everyday, if at all. Maa even apologized for not getting a chance to meet with Her devotees. But don't think anyone missed



not getting personal time with Maa. They understood. The whole atmosphere was filled with Maa fever, if I am allowed to call that.

The Sannidhi Parva gave me the opportunity to see the many many devotees in India. Never before Maa Prabhus devotees had ever congregated on this scale! Sannidhi Parva was the biggest event ever so far. Time is never enough when you go to India, but still, I wish I had more time with the bhaktas.

One thing has changed for me is, that before whenever anybody mentioned a proper noun designating a name of devotee in India, I wouldn't have the faintest clue who he/she was referring to. However, after the trip, I can proudly say, that now I can attach devotee's name with a face. For example, if they talked about Dr. Jagani, or Dr. Laxmesh or Prof Tarlaben I know what the person looks like. In the next trip, however, I hope to get to know the other devotees as well.

Again I digress and never seem to stop. JKM Anil Note1. Can you imagine a what devastating effect there would be if there was a death during an important event? There are too many proofs to prove that Maa & Prabhu were overseeing the whole Parva. So no deaths occurred during this Sannidhi Parva. However, many of you know, two important deaths did happen–before and

after the Sannidhi Parva. 3 or 4 weeks before Maa's brother passed away in Kapura! and about 4 weeks after the Sannidhi Parva, Sri Vasantbhai (Maa's Host in Panama) breathed his last in Kapura! No deaths in between! Coincidence you might say? May be. But with Maa, there always seems to be too many coincidences. You get the point.

**દુર્જનના સંગનું પરિણામ**

જેમ કાદવના સંગથી શુદ્ધ જળ પણ મલિન થાય છે તેમ દુર્જનના સંસર્ગથી સજ્જનનો પણ વિનાશ થાય છે.

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**''સત્યવાન'' તથા ''ચંદન''**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**–૩૬૦૦૦૨



### એક કેનેડિયન ભક્તની દૃષ્ટિએ

# સંનિધિ પર્વની ઉજવણી

**અનિલ લાડ, કેનેડા.**

વ્હાલા માના ભક્તો,

જય કૃપાળુ મા,

હું ભારતથી પાછો આવી ગયો છું. આ ઈ–મેઈલ કરવામાં હું થોડો વધારે મોડો પડ્યો છું, તે બદલ દિલગીર છું, કિન્તુ હજી હમણાં જ ટોરેન્ટોની શિયાળુ ઠંડીથી ટેવાવા માંડ્યો છું, તેથી મેં વિચાર્યું કે બીજું કાંઈ નહિ તો તમો બધાંને ઈમેઈલદ્વારા ''જય કૃપાળુ મા'' તો કહું. મારા લાંબા ઈ–મેઈલ સંદેશાઓ તમે સ્વીકારો છો તે બદલ હું તમારો આભાર માનું છું. કાર્યક્રમના અંતે, પૂ. માએ જે ઝડપથી કાર્યક્રમની પ્રવૃત્તિઓ કરી તેની સાથે હું કદમ મીલાવી ના શક્યો. તેમાં હરિદ્વાર, જયપુર અને દેવપ્રયાગનો સમાવેશ થાય છે. જો તમને તેમાં રસ હોય તો તે અંગે લાંબો ઈ–મેઈલ સંદેશો મોકલી શકું.

હું ન કહી શકું કે પાછા આવવામાં મને સુખ થયું છે, કારણ કે ભારતમાં હું જુદા જ પ્રકારની જીવનશૈલીથી ટેવાઈ ગયો હતો. આપણામાંના કેટલાકો માટે આપણું અહીંનું કામ સોંપી ગયો હતો. તેથી જ તો મારે પાછા ફરવું જ પડે.

છેલ્લા સત્સંગમાં તમો સૌને મળીને ખૂબ જ આનંદ થયો. મને આશા છે કે તમારામાંના ઘણાઓને હવે પછીના સત્સંગમાં મળવાનું થશે જ.

આ યાત્રા ખરેખર ઉત્તમ હતી. તે સંબંધી પાછળ નજર કરતાં તેવું ખરેખર લાગ્યું કે બધા જ ભક્તોની કુશળતાનું ધ્યાન પૂ. મા અને પ્રભુ રાખતા રહ્યા. કપૂરાના આ સંનિધિપર્વના છ દિવસો દરમ્યાન કોઇ માંદુ પડ્યું નહિ. શું ખાઇશું તેની કોઇ ચિંતા થઇ નહિ, ક્યારે ખાઇશું અને ક્યાં સૂઇ જઇશું, આ બધી જ બાબતોની કાળજી પૂ. માએ લીધેલી. કોઇ પણ સાધક સંનિધિપર્વમાં પહોંચવા માટે વિમાન, બસ કે બોટ ચૂક્યા નહિ. આ ઉપરાંત કપૂરા ગામમાં કોઇ મરણ પણ થયું નહિ (આ અંગે નીચે આપેલી નોંધ જુઓ) જો કે આપણામાંના ઘણાને ન મળી શક્યો, કેલગેરી શિબિરમાં મને સાંભળવા મળતું, કે કયો યુવાન કયા શહેરમાંથી આવી રહ્યો છે. (અહીં એવું ન હતું).

તમે બધા જાણો છો કે ભારત એ કંઇ નજીક નથી કે જેથી મેં ઇચ્છ્યું હોત તોપણ તમારાઓમાંના ઘણાઓ માટે સંનિધિ-પર્વમાં ઉપસ્થિત રહેવાનું શક્ય બન્યું ન હોત. આમ છતાં લોસએન્જેલેસના ઘણા બધા યુવાનોને મળવાનું થયું. તેઓ મોટી સંખ્યામાં આવ્યા. જાણે કે તેઓ આવવા તૈયાર જ બેઠેલા ન હોય! જો હું ભૂલતો ન હોંઉ તો તેઓ સંનિધિપર્વમાં દરરોજ નાટક—નૃત્ય કે બીજો કોઇ પ્રકારનો કાર્યક્રમ રજૂ કરતા. તેઓએ તેઓના આ કામમાં જે ભારે પરિશ્રમ ઉઠાવ્યો તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આ નાટકો ક્ષતિરહિત રજૂ કરવા માટે તેઓએ અગાઉ મહિનાઓ સુધી પ્રેક્ટીસ કરી હોવી જોઇએ. ત્યાં (L.A.)માં ખાસ્સા છોકરાઓ મોટા થઇ ગયા છે. આ ઉપરાંત મેં રાજુભાઇ ભાવસાર અને ન્યુજરસીના બીજા મિત્રોને પણ જોયા. જો કે તેઓ થોડી સંખ્યામાં હતા છતાં તેઓએ પૂ. માના બાળપણને રજૂ કરતો પ્રસંગ એક નાટકરૂપે રજૂ કર્યો. તે ખૂબ જ રમૂજી હતો.



પૂ. માના ૬૦ મા વર્ષની ઉજવણી નિમિત્તે આપણે જે પ્રયત્નો કર્યા તેની પૂ. માએ પણ નોંધ લીધી છે. આ વર્ષ દરમ્યાન ૬૦,૦૦૦ પ્રણામોનો લક્ષ્યાંક આપણે પૂરો કર્યો, તે હકીકત ૨૦૦૦ ની માનવમેદનીને ટ્રસ્ટના મુખ્ય કાર્યકર્તા શ્રી રાજુભાઇ જાનીએ જણાવી. આપણા દરેક સાધક ભાઇ કે બહેને કેટલા પ્રણામ વર્ષ દરમ્યાન કર્યા, તે વિગતે જણાવવામાં આવ્યું. આ ઉપરાંત પૂ. માએ શ્રી યોગેશે સુંદર રીતે બનાવેલ કાર્ડ પણ હોલના પ્રવેશના ભાગમાં, પ્રદર્શનરૂપે મૂકાવ્યું, જેથી બધા તેને નજીકથી જોઇ શકે. પૂ. માએ કહ્યું કે પરદેશમાં વસવા છતાં આપણું ભારત જીવંત છે તે જોઇ તેમને ગર્વ થાય છે. તેમના પ્રયત્નો અને સંસિદ્ધિ અહીં ભારતના યુવાનોને પ્રેરણા પૂરી પાડે તેવાં છે. પૂ. માએ આમ કહી ખરે જ આપણા સહુની પ્રશંસા કરતાં કહ્યું તેઓની સામે બેઠેલ બાળકોને પૂછ્યું કે ‘હવે કોને પ્રણામ કરવા છે?’ આ સાંભળી સ્વાભાવિક રીતે બધા નાના હાથ ઊંચા થયા. આ રીતે, પૂ. મા આપણું ઉદા-હરણ ટાંકી ભારતમાંના બાળકોને ‘થમ્સઅપ’ કોક પેપ્સી જેવાં પીણાં છોડવા અને સાથે સાથે પોતાના રોજિંદા જીવનમાં પ્રણામોને અપનાવવા પ્રોત્સાહિત કરતાં.

મને એ પણ કહેવા દો કે જ્યારે પણ સંનિધિપર્વની વિડિયો બહાર પડે કે દરેક તે ખરીદે, તેવો હું આગ્રહ રાખું છું. તમને મારું આ કહેવાનું થોડું મૂર્ખાઇ ભરેલું લાગે, પણ મારે કહેવું જોઇએ કે સંનિધિપર્વના બધા જ જીવંત કાર્યક્રમોને વિડિયો ઉતારનાર ભાઇઓએ જુદા જુદા ખૂણેથી ખૂબ પરિશ્રમપૂર્વક ઉતાર્યા છે તે માટે તેઓની પાસે ખરેખર ઘણા બધા ભાઇઓની ટીમ હતી.

પૂ. મા ખરે જ ખૂબ પ્રસન્ન હતાં. આવાં પ્રસન્ન અગાઉ મેં

તેઓને કદી જોયાં નથી. અહીં એક ઉપયોગી નોંધ કરી લઉં કે પૂ. માનાં દર્શન રોજ જ થતાં, છતાં અહીં પશ્ચિમની જેમ પૂ. માની નજીક જવાનું ન મળતું. જો કે આ ગમે તેટલું આશ્ચર્યકારક લાગે, છતાં તમારાઓમાંના કેટલાકોને મેં ઉપર કહ્યું છે તેમ કોઈને પણ પૂ. માને અંગત મળવાનો સમય કદી મળતો નહિ. પૂ. મા જ બધા જ કાર્યક્રમોનું કેન્દ્રવર્તી બિન્દુ હોવાથી, દરરોજ કાર્યક્રમોની સમાપ્તિ પછી બધાંઓમાં પૂ. મા જ છેલ્લાં સૂવા જનાર વ્યક્તિ હતાં. ભક્તોને આ રીતે સમય ન આપી શકવા બદલ પૂ. મા ક્ષમા પણ માગી લેતાં. છતાં હું માનું છું કે કોઈને એવું થતું નહિ કે અમે પૂ. માને અંગત રીતે મળ્યાં નથી. બધા જ આ પરિસ્થિતિ સમજતા હતા. સમગ્ર વાતાવરણ પૂ. માના ઉન્નતભાવથી એવું તો ભરેલું હતું કે તે સિવાય બીજું કશું જ અનુભવાતું નહિ.

આ સંનિધિપર્વમાં ભારતના પૂ. માના ઘણા ભક્તોને મળવાની મને તક પ્રાપ્ત થઈ. આ અગાઉ કદીયે આટલા મોટા પ્રમાણમાં મા–પ્રભુના ભક્તોને પૂ. માને અભિનંદવાનો અવસર પ્રાપ્ત થયો ન હતો. અત્યાર સુધીની બધી જ ઘટના-ઓમાં સંનિધિપર્વ એ સર્વોત્તમ ઘટના હતી.

આમ છતાં ભારતમાં જઈએ ત્યારે સમય ઓછો પડે. અહીંના ભક્તોને મળવા માટે મારી પાસે થોડો વધુ સમય હોત તો મને ગમત.

મારા માટે એક બાબતમાં ફરક પડ્યો કે આ અગાઉ મારી આગળ જ્યારે પણ ભારતના કોઈ પણ ભક્તના નામનો ઉલ્લેખ થતો, તો તે ભાઈ કે બહેન વિષે મને જરાસરખો પણ ખ્યાલ ન આવતો. કિન્તુ, આ યાત્રા પછી હું ગર્વપૂર્વક તે ભક્તના નામ અને ચહેરા સાથે ઓળખી જાઉં. દાખલા તરીકે,



તેઓ જ્યારે ડો. જાગાણી, કે ડો. લક્ષ્મેશભાઈ અથવા પ્રો. તરલાબેન વિષે વાત કરે, તો મને તુરત જ તેઓ કેવા દેખાય છે, તે ખબર પડી જાય. આમ છતાં હું આશા રાખું કે હવે પછીની ભારતયાત્રામાં હું પૂ. મા–પ્રભુના બીજા ભક્તોને પણ વિશેષરૂપે જાણું.

ફરી હું ક્ષમા માગું છું હું કદી પણ ના અટકતો લાગુ–એવા અનિલ લાડના જયકૃપાળુ મા.

નોંધ : આવા અગત્યના ઉત્સવ દરમ્યાન જો કોઈનું મરણ થાય તો તેની કેવી ભારે શોકજનક અસર પડે. આ સમગ્ર પર્વ ઉપર પૂ. મા અને પ્રભુની કૃપાદૃષ્ટિ હતી, તેથી કોઈ દુર્ઘટના ના બની, તેની ઘણી બધી સાબિતીઓ છે. તેથી તો પર્વની ઉજવણી દરમ્યાન કોઈ મૃત્યુની ઘટના ના ઘટી. આમ છતાં ત્રણ ચાર અઠવાડિયાં પહેલાં પૂ. માના મોટાભાઈ (શ્રી વામન-ભાઈનો) સ્વર્ગવાસ થયો, તો સંનિધિપર્વ પછી પૂ. માના પનામાના યજમાન શ્રી વસંતભાઈનો કપૂરામાં સ્વર્ગવાસ થયો. પરંતુ પર્વ દરમ્યાન ન કોઈ દુર્ઘટના બની. તમે તેને એક માત્ર આકસ્મિક ઘટના પણ કહી શકો! એમ પણ હોય. પરંતુ પૂ. માની બાબતમાં આવી ઘણી બધી આકસ્મિક ઘટનાઓ સર્જાતી રહે છે. આપને એ સમજાઈ ગયું હશે.

○

# આદર્શ દૃષ્ટાંતમાળા

સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ

## યક્ષના ચાર પ્રશ્ન—કરશે તેવું પામશે.

ક્યા ખૂબ સૌદા નકદ હૈ, ઈસ હાથ દે, ઉસ હાથ લે.

મહારાજાધિરાજ વિક્રમાદિત્યની રાજસભામાં એક યક્ષે જઈને ચાર પ્રશ્નો કર્યા. (૧) હમણાં છે અને હવે પછી પણ રહેશે તે શાથી? (૨) હમણાં છે, પણ હવે પછી નહિ રહે તે શાથી? (૩) હમણાં નથી પણ પછી થશે તે શાથી? (૪) હમણાં પણ નથી અને પછી પણ નહિ હોય તે શાથી? આ ચાર પ્રશ્નોના ખુલાસા ઉદાહરણ સાથે આપો. એ પ્રશ્નોના ઉત્તર આપવાનો ભાર કવિ કાલિદાસ ઉપર આવી પડ્યો. કાલિદાસે યક્ષને કહ્યું : ‘‘આપ ત્રણ દિવસ પછી અહીં આવીને આ ચારે પ્રશ્નોના ઉત્તર લઈ જજો.’’ ત્રણ દિવસ પછી યક્ષ આવ્યો; એટલે કાલિદાસે ગુપ્તવેષ ધારણ કરવાની પૂરતી સામગ્રી સાથે લઈને એક દૂરની નગરી તરફ પ્રયાણ કર્યું. ત્યાં આગળ બંને જણાએ ગુપ્ત વેષે એક ધર્માત્મા શેઠિયાના ઘરમાં પ્રવેશ કર્યો. કાલિદાસે એ શેઠને પૂછ્યું : ‘‘શેઠ સાહેબ! મારી આપને એક વિનંતિ છે. મારે આપની પાસે બીજો કોઈ પણ જાતનો અતિથિ-સત્કાર જોઈતો નથી. મારી એ પ્રાર્થના પૂર્ણ કર્યાથી આપને થોડોક ધનક્ષય, કાંઈક શારીરિક કષ્ટ અને કાંઈક અપમાન સહન કરવું પડશે; પરંતુ કોઈ પણ જાતનું પાપકર્મ કરવું પડશે નહિ.’’ શેઠિયાએ તેમની વાત સાંભળીને નિશ્ચિંત મને જવાબ આપ્યો કે, ‘‘હું તમારી પ્રાર્થના પૂર્ણ કરીશ, જે હોય તે



બોલો.’’ ત્યારે કાલિદાસ બોલ્યા : ‘‘એક સો રૂપિયા અમુક જગ્યાએ તળાવની મરામત કરાવવામાં ખર્ચવા પડશે અને અત્યાર સુધી તમે એ બાબતની તપાસ નથી કરી, એ અપરાધ-માં બસો જોડાનો માર ખાવો પડશે.’’ એ શેઠિયાએ જરા પણ દિલગીર થયા વગર અતિથિની ઈચ્છા પૂર્ણ થવા દીધી અને એમને ઘણા આદરપૂર્વક વિદાય કર્યા. કાલિદાસે બહાર આવીને યક્ષને કહ્યું : ‘‘આ માણસ પાસે સુખશાંતિ અને સમૃદ્ધિ હમણાં પણ છે અને ધર્માચરણ ચાલુ હોવાને લીધે હવે પછી પણ એ બધું એની પાસે રહેશે.’’ ત્યાર પછી એક બીજા ધનાઢ્ય મનુષ્યની હવેલીમાં કાલિદાસે ગરીબ ભિક્ષુકના વેષમાં અને યક્ષે સદ્‌ગૃહસ્થના વેષમાં પ્રવેશ કર્યો. ભિક્ષા માગતાં વાર જ પેલા ધનિકે કહ્યું : ‘‘હું હરામખોરોનું પોષણ કરતો નથી. મારા બાપદાદા તરફથી જે કાંઈ વારસામાં મળ્યું છે તથા મારી પોતાની મહેનતથી એ દ્રવ્યમાં મેં જે વધારો કર્યો છે, તેનો ઉપયોગ મારા પોતાના ખાનપાન તથા વસ્ત્રાભૂષણમાં જ મારે કરવો જોઈએ. તને એમાંથી કોડી પણ શા સારુ આપું? તું નવરો બેઠો એ ખાઈ જઈશ. હું કોઈની પાસે એક પાઈ પણ માગવા ગયો નથી અને કોઈને એક પાઈ પણ આપી શકવાનો નથી.’’ ત્યાર પછી સદ્‌ગૃહસ્થના વેષધારી યક્ષને કાલિદાસે પહેલેથી શીખવી મૂક્યું હતું, તે પ્રમાણે એક મંદિરનો જીર્ણોદ્ધાર તથા પાઠશાળાની સ્થાપનાની ટીપમાં મદદ કરવા સારુ એ ધનિકને પ્રાર્થના કરી, એટલે એ બોલી ઊઠ્યો : ‘‘તમારી એ બધી ગડબડ રહેવા દો. હું કાંઈ એવાં પુણ્યદાનમાં સમજતો નથી. મારી કમાઈ હું જ ભોગવીશ. આપનું ડહાપણ મારી આગળ ચાલશે નહિ. તમે એટલા બધા ધાર્મિક અને દેશહિતૈષી છો, તો જાતે જ કમાઈને એ બધું શા સારુ નથી કરાવતા? મેં

તો કોઈ પુણ્યના ભાગીદાર થવા સારુ તમારી આગળ એક વાર પણ પ્રાર્થના કરી નથી.'' કાલિદાસે એના ઘરમાંથી બહાર આવીને કહ્યું : ''આની પાસે હમણાં છે, પણ હવે પછી નહિ રહે.'' ત્યાર પછી બન્ને જણા ભિક્ષુકનો વેષ ધારણ કરીને કોઈએક દરિદ્ર માણસને ઘેર ગયા અને કહ્યું કે, ''ભાઈ-સાહેબ! અમે ભૂખે મરીએ છીએ.'' થોડોક સાથવો લઈને એ ગરીબ માણસ એ વખતે ખાવા બેઠો હતો. તેણે તરત જ કહ્યું : ''લો ભાઈ! આ ચપટી સાથવો ખાઈને પાણી પીઓ. એથી તમારો થાક ઊતરી જશે. મારી પાસે આ સાથવા સિવાય બીજું કાંઈ નથી. પણ એમાં શું? આવો આપણે ત્રણે જણા એના જ ત્રણ કોળિયા ખાઈશું, એટલે આજ તો આપણા ત્રણેના પ્રાણ બચશે, કાલને સારુ કાંઈ બીજી વ્યવસ્થા કરી લઈશું.'' કાલિદાસે બહાર આવીને યક્ષને કહ્યું : ''આ માણસ પાસે ધનવૈભવ હમણાં નથી, પણ હવે પછી થશે.'' ત્યાંથી નીકળીને બંને જણા સારા માણસનો વેષ ધારણ કરીને એક ભિક્ષુકની પાસે ગયા અને તેના દુઃખ ઉપર દયા આણીને રોકડા રૂપિયા તથા પૈસા મળીને સો રૂપિયા આપ્યા. થોડી વાર પછી ભિક્ષુકનો વેષ ધારણ કરીને એની પાસે જઈને કહ્યું કે, ''અમને એક એક પૈસો આપો. એનું ચવાણું લઈને ભૂખ હોલવીશું.'' થોડી વાર અગાઉ જ મળેલા સો રૂપિયા કપડામાં ઢાંકી દઈને એ ભિખારી બોલ્યો : ''મારી પાસે કાંઈ નથી. મને તો દયા ખાઈને કોઈ એક ફૂટી બદામ તો આપતું નથી. ચાલ્યા જાઓ, અહીંયાં તે શું મરવા આવ્યા છો?'' કાલિદાસે કહ્યું : ''આની પાસે હમણાં પણ નથી અને હવે પછી પણ નહિ હોય.''

પોતાના ચારે પ્રશ્નોના ખરા જવાબ મળ્યાથી સંતુષ્ટ થઈને યક્ષ ચાલ્યો ગયો. ●



### કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં

# બીજા દિવસે જાણ્યું ને માણ્યું

ડો. બી. જે. જાગાણી

ગયા દિવસની (તા. ૨૩–૧૨–૨૦૦૩ની) સ્મૃતિ તાજી જ છે. ત્યાં બીજો દિવસ પૂ. માનાં દર્શન માટે ઊગવાની તૈયારી કરી રહ્યો છે. સૌ પ્રાતઃક્રિયાઓ પૂર્ણ કરીને વહેલાં વહેલાં શ્રી વામનભાઈના ઘેર કતારબંધ ઊભા રહી જાય છે જેથી સૌ મા–પ્રભુના સ્વરૂપના દર્શન કરીને શ્રીમતી ગંગામામીના હસ્તે સવેળા પ્રસાદ લઈ શકે. બરાબર ૬–૩૦ કલાકે પ્રભાતવંદના માટે કર્પૂરવનની સ્તુતિનું ગાન ગવાય છે. ગઈકાલે જે ગાયક-વૃંદે ગાન કરેલું તે જ ગાયકવૃંદ હોંશે હોંશે ગાન કરે છે. બાવની ગાતાં ગાતાં સૌ સ્નેહયજ્ઞનાં સ્થાન પર આવે છે. પ્રવેશદ્વાર પર મોટો બલૂન ચડાવાય છે. યજમાન પરિવારના હસ્તે બલૂન તરતો મૂકાય છે. સંનિધિપર્વનું બેનર બલૂનની નીચે લગાવાય છે. સૌ પ્રેમપૂર્વક મંત્રગાન કરે છે. બલૂન ઊંચે ચડે છે ને સૌ સ્નેહયજ્ઞના મંડપમાં પોતાનું સ્થાન લે છે.

સવારની બેઠકમાં પૂ. મા ૭–૩૦ કલાકે પધારે છે. રાધિકા ને પૂજા પૂ. માની આરતી ઉતારતાં ઉતારતાં આગળ ચાલે છે. પૂ. મા તેની પાછળ છે. યજમાન પરિવાર પણ પૂ. માની પાછળ ચાલે છે. સ્ટેજપર પહોંચી પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપને પ્રણામ કરે છે. પૂજા પૂ. શ્રીના સ્વરૂપને હાર પહેરાવે છે. પૂ. માને પણ હાર અર્પણ કરે છે. શ્રી શારદાબેન–શ્રી રમેશભાઈ વગેરે પૂ. માને પ્રણામ કરે છે. સૌ સાધકોને બે હાથ જોડી

નમસ્કાર કરી સ્ટેજ નીચે પૂ. માની સંમુખ બેસે છે. સૌ સમૂહ-માં પૂ. માની સાથે પ્રણામ કરે છે.

પ્રણામ પછી રાધિકા એક પદ 'તું દયાળુ દીન હો તુ દાની હો ભિખારી' ગાય છે. શ્રી પાર્થ તબલાપર સંગત આપે છે ને શ્રી સંજયભાઇ હાર્મોનિયમ વગાડે છે. આ પદનું ગાન પૂર્ણ થયે પૂ. મા સ્લેટપર લખે છે કે 'રાધિકાબેનને એક ધૂન ગાવી છે? સુશીલાબેન યાદ કરાવો.' શ્રી રાધિકા 'બોલ મા બોલ મા રે રાધા—કૃષ્ણવિના બીજું બોલ મા' ધૂન ગવરાવે છે.

૮.૨૦ કલાકે ધ્યાન કરવામાં આવે છે. કેસેટ વાગે છે. પૂ. મા સ્લેટ પર લખે છે 'હવે શાંતિથી, આંખ બંધ કરી, જે સંભળાય તેને માણીશું' મંત્રગાનની કેસેટ ૮—૫૦ કલાક સુધી વાગે છે. પૂ. માની સાથે સૌ અર્ધો કલાક ધ્યાન કરે છે. ધ્યાન પછી સૌ સવારનો નાસ્તો કરવા ભોજનશાળામાં જાય છે. પૂ. મા પોતાના ઉતારા પર પધારે છે.

૮—૪૫ કલાકે શ્રી મીનળબેન મેરાઇ ભજન ગાય છે અને ધૂન ગવરાવે છે. 'નિત્ય નિત્ય ભજીયે તારું નામ.' ૧૦—૦૦ કલાકે પૂ. મા ઉતારેથી સ્ટેજ પર પોતાની બેઠક હીંચકાપર લે છે.

● હીંચકો એવી રીતે છે કે કુટિયામાં બિરાજમાન પૂ. શ્રીના સ્વરૂપના દર્શનમાં હીંચકાના એક ભાગની આડશ આવે છે. તેથી હીંચકો એવી રીતે મૂકાવે છે કે પૂ. શ્રીના દર્શન થાય. પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપને પ્રણામ કરી હીંચકાપર બિરાજે છે. પૂ. મા સ્લેટ પર લખે છે 'યુવાન ડો. હિમાંશુ પાઠકને સાંભળીશું.' બરાબર ૧૦—૦૭ કલાકે ડો. હિમાંશુભાઇ સ્ટેજ પર આવે છે. પૂ. માને પ્રણામ કરી પોતાનું વક્તવ્ય શરૂ કરે છે. સૌને ઉપ-યોગી થાય તેવું ને રોગોથી બચી શકાય તેવું



યોગ અને આરોગ્ય પર મનનીય પ્રવચન કરે છે. અહીં તેનો સાર સૌને ઉપયોગી થાય તે માટે રજૂ કર્યો છે.

● યોગ એટલે લાઇફ મેનેજમેંટ. યોગ વિશે પતંજલિ ઋષિએ ૫૦૦૦ વર્ષ પહેલા શીખવ્યું છે.

● ગુજરાતમાં હાર્ટના ને ડાયાબિટીશના દરદીઓ વધારે છે. યોગદ્વારા આ રોગો થતા અટકાવી શકાય.

● મનને રોગો સાથે સંબંધ છે. નકારાત્મક વિચારો રોગોને નોતરે છે.

● બાળક જન્મે ત્યારથી મોટી વયનું ત્યાંસુધીમાં 'આમ નહીં કરવું' તેમ કહીને નેગેટિવ બનાવી દેવાય છે.

● વિચાર, આંતરક્રિયા ને પ્રતિક્રિયા હકારાત્મક હોય તો મન હકારાત્મક બને ને વા, એસિડિટી, માઇગ્રેન, કોરોનરી હાર્ટડિસીસ જેવા રોગો થતા અટકે.

● ભાવનાત્મક ખલેલ પહોંચવાથી રોગો થાય છે. કુટુંબ જીવનમાં અણબનાવ, કાર્યક્ષેત્રમાં ભાવનાને ઠેસ પહોંચવી, સગાં—સ્નેહીનું મૃત્યુ ને તેનો આઘાત રોગ કરે છે.

● સામાજિક વ્યવસ્થાપન અને આધ્યાત્મિક વ્યવસ્થાપન શીખવું જોઇએ. સમાજમાં સૌની સાથે સમાયોજન કરીને જીવવું જોઇએ.

● શરીર સારું રાખવા ૪૦ મિનિટ કોઇ એક કસરત કરવી. કોલેસ્ટીરોલ, ટ્રાઇગ્લીસરાઇડ, હીમોગ્લોબીન નિશ્ચિત માત્રામાં રહેવા જોઇએ. આ માટે નિયમિત તપાસ કરાવવી જોઇએ. સાદો, રસાળ, સાત્ત્વિક ખોરાક લેવો જોઇએ ને પ્રાણાયામ નિયમિતપણે કરવા જોઇએ.

● સ્વપ્નરહિત ગાઢ નિદ્રા આવવી જોઇએ. રાત્રે સૂતાં પહેલાં ૩૦ મિનિટ વિચાર શાંત કરવા, પછી સૂવું. જેથી ઉચ્ચ ગુણવત્તાવાળી ઊંઘ આવે.

● સાંજે ૫ થી ૭ વાગ્યા સુધીમાં જમી લેવું. સૂતા પહેલાં પેટ ખાલી હશે તો ઊંઘ સારી આવશે. સવારનો નાસ્તો ભારે હોય તો ચાલે, બપોરનું ભોજન પણ ભારે હોય તો ચાલે પણ સાંજનું ભોજન હળવું હોવું જોઇએ.

● બે–ત્રણ કલાકે પાંચ મિનિટ શવાસન કરો. આમ કરવાથી શરીરને આરામ મળે છે, હળવું બને છે ને આનંદની પ્રાપ્તિ થાય છે.

● યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ. ચિત્તની વૃત્તિઓનો નિરોધ થવાથી જીવનમાં એક પ્રકારનું સંતુલન આવે છે. પૂ. મા–પ્રભુએ પોતાનાં જીવનદ્વારા સમજાવ્યું છે કે મનનું બંધારણ બદલી શકાય છે.

● ઘરમાં વજનકાંટો ને બી.પી. માપવાનું સાધન વસાવી લેવાં જોઇએ. કમર અને હીપ્સનું પામ મીટર પટ્ટીથી લેવું. હીપ્સ કરતાં કમર ૧૦ ટકા ઓછી હોવી જોઇએ.

● એક ચપટી મીઠું એટલે અંદાજે ૧ ગ્રામ મીઠું થાય. ૨૪ કલાકમાં ૬ ગ્રામ મીઠાની જરૂરિયાત છે. પાપડ, અથાણા, ભાત, રોટલી, ભાખરી, વગેરેમાં મીઠું ખૂબ નાંખવાથી ને તેવો ખોરાક લેવાથી અનેક પ્રકારના રોગ થાય છે.

● પેટના કાલ્પનિક ચાર ભાગ કરો. એક ને બે ભાગમાં ખોરાક ભરવો, ત્રીજા ભાગમાં પ્રવાહી ને ચોથો ભાગ ખાલી રાખવો. જમ્યા પછી પાંચ કલાક પછી ભૂખ લાગવી જોઇએ.

● મેંદો ક્યારેય ન ખાવો. મેંદાથી શરીર જાડું થાય છે.



બ્રેડ, બિસ્કીટ, પાઉં, નાન, ખાખરા, સેન્ડવીચ, પીત્ઝા ને મેંદાની કોઇ પણ બનાવટ ખાવી સારી નહીં.

● યોગ એટલે શરીર, મન, આત્માને હકારાત્મક સ્થિતિમાં રાખવાની વૈજ્ઞાનિક તાલીમ. વિચાર, ક્રિયા, આંતરક્રિયા ને પ્રતિક્રિયા હકારાત્મક હોય તો આરોગ્ય આવે.

૧૧–૦૦ કલાકે આરોગ્યની રત્નકણિકાઓ પીરસતું પ્રવચન પૂર્ણ થાય છે. પૂ. મા સ્લેટપર લખે છે 'મેંદો કોણ કોણ છોડશે? ચિંતા ના કરતા. આ ડોક્ટર તમને ઘેર ઘેર ચેક કરવા નથી આવવાના. તમે જ તમારા ચોકીદાર બનો. સતત જગાડવા માટે સૌની સમક્ષ આ વાતો કરીએ છીએ. સતત જાગૃતતા.'

૧૧–૦૫ કલાકે પૂ. શ્રીની અમૃતવાણી ઓડિયો કેસેટદ્વારા સંભળાવાય છે. પૂ. મા અંગે પૂ. શ્રી વર્ણન કરે છે. આ વર્ણનનો સાર આ પ્રમાણે છે.

● સંસારનો ત્યાગ કરે તેના નામ બદલાય છે. મોરબીમાં શિબિર કરી. ભગવાને કહ્યું. સર્વેશ્વરી નામ આપો. તે નામથી ઓળખાશે. સંસાર છોડે તેને બહેન કહી ના બોલાવાય. જેમ શ્રદ્ધામાતા, માતા આનંદમયી, માતા ગીતાભારતી માતાના નામે ઓળખાય તેમ. હવે મા સર્વેશ્વરીના નામે ઓળખાશે.

● માનો ગુરુભાવ જબરજસ્ત છે. ઘર સુખી છે. કપૂરામાં મોટર છે. ઘેર કોઇ દુઃખ નથી. નાની ઉંમરમાં મનને મારવું, ઇન્દ્રિયોને વાળવી એ માટે હિંમત જોઇએ. પ્રભુમાં વિશ્વાસ જોઇએ. માએ એ કર્યું છે.

પૂ. મા હવે તે વખતની ઓડિયો કેસેટમાં પોતાના મધુર કંઠે પદ ગાય છે. (હાલ તો પૂ. માને મૌન છે)

ગુરુજીના શરણમાં શાંતિ મળી,
ગુરુના ચરણે ગંગા યમૂના,
સ્નાન કરીને ભ્રાંતિ ટળી. ગુરુ૦
ગુરુના ચરણે અડસઠ તીરથ,
દર્શનથી કૃતકૃત્ય બની, ગુરુ૦
ગુરુના ચરણે સઘળાં શાસ્રો,
વેદ—પુરાણની ઝાંખી મળી. ગુરુ૦
ગુરુ મહા બ્રહ્મા ગુરુ મહા વિષ્ણુ,
શિવ ને શક્તિ સ્વરૂપ મહીં. ગુરુ૦
ગુરુ કૃપાની અમૃતધારા,
પામીને જીવન મુક્તિ મળી. ગુરુ૦

સાધના કાળની પ્રાર્થના કેવી હતી, પ્રાર્થના કેવી રીતે પૂરી કરી, મૌન મંદિરમાં પ્રાર્થનાઓ લખવાનો આનંદ કેવો હતો તે અંગે પૂ. મા આ કેસેટમાં વાણીદ્વારા સંભળાવે છે.

'બંધ બારણે ટકોરા મારે તો શ્યામ તને સાચો ગણું' એ પદ પૂ. મા સંભળાવે છે. પછી આ પ્રાર્થનાનો ઉત્તર પ્રભુએ કેવી રીતે આપ્યો તે પણ પદ ગાઈને સંભળાવે છે. 'બંધ બારણે ટકોરા મારીને શ્યામે લીધી સ્વીકારી.' ઈશ્વરની કૃપાથી આવી પ્રાર્થના લખાતી. યોગ્ય માંગણી સંભળાય છે. ભૌતિક ને આધ્યાત્મિક માંગણી પ્રભુ સંતોષે છે.'

પૂ. શ્રી પૂ. મા અંગે વર્ણવે છે કે **'માના જીવનમાંથી અનેક સાધકોને અનંતકાળ સુધી પ્રેરણા મળશે. એમણે સાધના કરવાની નથી. સાધનાના ઊંચા આસનપર તેઓ બેઠેલાં છે. પૂર્ણાત્મા છે. એમના આગળના જન્મો ઊંચા છે. સાધકોને પ્રેરણા માટે સાધના કરે છે. અનંત વાતો એમના જીવનની છે. સાંભળ્યા કરો તો થાકો નહીં. સાંભળવાથી જાણવાનું મળે.'**



પૂ. શ્રીએ આપેલો આ અભિપ્રાય વર્ષો પહેલાંનો છે. આજે આપણે જોઇ શકીએ છીએ કે પૂ. માની આધ્યાત્મિક ઊંચાઇ કેટલી છે. વળી સર્વ કાંઇ ત્યાગ્યું હોવા છતાં પણ પોતાના બાળકોને સર્વ કાંઇ આપવા સદા તૈયાર. અન્નનો ત્યાગ, સમયાંતરે જળનો ત્યાગ, વાણીનો વિરામ છતાં પણ સૌના માટે રસાળ ભોજનની વ્યવસ્થા કરવી, સ્લેટપર સતત લખી લખીને શરણે આવે તેને આશીર્વાદ આપવા, માર્ગદર્શન આપવું ને આત્મોન્નતિ કરાવવી એ આ વિશ્વમાતા જ કરી શકે. લોક-કલ્યાણની પ્રવૃત્તિઓ પણ અથાગ રીતે કર્યાં જ કરવી. રાય તથા રંક સૌ કોઈને ધન્ય કરી દેવાની કલા, ત્યાગ, કૃપાવર્ષા પૂ. શ્રીના આ અભિપ્રાયને અક્ષરસઃ સાર્થક કરે છે.

૧૧.૩૦ કલાકે શ્રી લક્ષ્મેશભાઈ જોશીનો પરિચય અપાય છે ને પ્રવચન કરવા તેઓ સ્ટેજપર આવે છે. શ્રી લક્ષ્મેશ-ભાઈનો પરિચય છપાવીને પૂ. માએ સૌને એક પત્રિકા પણ આપી છે. સ્નેહયજ્ઞની આ વિશેષતા હતી કે આવા જ્ઞાની, વિદ્વાન ને પૂ. માના શરણાગત ભક્તનો ભૌતિક પરિચય પણ મળી રહે.

● શ્રી લક્ષ્મેશભાઈએ વેદમાં જગદંબાના સ્થાન અને શક્તિની મહત્તા અંગે સંસ્કૃત—ગુજરાતીમાં પ્રવચન કર્યું. સાર આ મુજબ છે.

● જગદંબાનું એક નામ વાગામ્ભ્રુણી છે. વાક્ એટલે સર-સ્વતી અને અમ્ભ્રુણી એટલે એક ઋષિની પુત્રી.

● રામકૃષ્ણદેવ કહેતા કે બ્રહ્મ ને શક્તિ અભિન્ન છે. જેમ દૂધને ધોળાશ અભિન્ન છે તેમ. સૃષ્ટિ ચાલે ત્યારે જગદંબા ને બંધ થાય ત્યારે બ્રહ્મ.

● 'ઇન્દ્ર, સૌમ ને દેવોની શક્તિ મારી છે. હું સૃષ્ટિમાં ફરી રહી છું. યજ્ઞ વખતે યજમાન, સાધક ને સાધના હું છું. હું દ્રવ્ય તૈયાર લઇને બેઠી છું. હું શાસન કરનારી છું. ધનનો સંગમ કરનારી છું. મારી શક્તિથી મનુષ્ય અન્ન ખાય છે. કોળિયો લઇ શકે છે, શ્વાસ લઇ શકે છે, જોઇ શકે છે, સાંભળી શકે છે. હું ઇચ્છુ તેને બ્રહ્મા, ઋષિ, મેધાવી બનાઉં છું. જ્ઞાનનો દ્વેષ કરે છે એને રુદ્રો મારે છે. અનંતકોટિ બ્રહ્માંડને ધારણ કરું છું. આવો મારો મહિમા છે' વેદમાં જગદંબાએ આવી રીતે પોતાની શક્તિનો મહિમા વર્ણવ્યો છે.

યમ અને નચિકેતાની મનનીય વાતો શ્રી લક્ષ્મેશભાઇ કરે છે. સત અને અસત, શ્રેય ને પ્રેય, વિદ્યા ને અવિદ્યા, જગત ને બ્રહ્મમાંથી સત, શ્રેય વિદ્યા ને બ્રહ્મને પ્રાપ્ત કરવાથી શું શું મળે તે અંગે પોતાની આગવી શૈલીમાં વર્ણન કરી સૌને ઉપનિષદો-ના ઋષિઓએ કરેલી તપસ્યાની ઊંચાઇ પર પ્રવાસ કરાવે છે. આ માટે પ્રવચન જ સાંભળવું પડે. લખેલું વાંચીને તેટલો આનંદ ના આવે. ૧૨–૧૫ કલાકે પ્રવચન પૂર્ણ થાય છે.

શ્રી રાજુભાઇ જાની હવે સૂચના આપે છે કે પૂ. મા પોતાના ઉતારા પર જવા પ્રસ્થાન કરે પછી સૌ ભોજન લેવા ભોજન-શાળામાં જશે. પૂ. મા પોતાની લાક્ષણિક શૌલીમાં ગમ્મત સાથે બોધની કણિકા પીરસે છે 'આજે રાજુભાઇની સૂચનાનો અમલ મા જ નથી કરવાનાં અને મા બેસી રહેશે. જોઇએ, તમે ક્યાંસુધી બેસી રહેશો. આ તો ભૂખ લાગી છે એટલે તેમને માટે માને વિદાય કરવાની વાત કરો છો. સવારે નાસ્તામાં આપેલ બે કેળાં, સફરજન, દૂધનો ગ્લાસ પૂરતું ભાથું ગણાય. એકાદ દિવસ નિર્જળાનો પ્રયોગ કરી જોવો છે? ડો. હિમાંશુભાઇ ખુશ



થશે. પેટના ચારેય ભાગ ખાલી થશે. ભોજન કરો પ્રેમથી. આ તો જરા ટેસ્ટ લીધો. ગભરાઇ ના જતા. તમારા સૌની હાશ લેવા મા મંડપ છોડે છે.'

પૂ. મા ઉતારા પર જવા સ્ટેજ પરથી નીચે ઉતરે છે. સૌ સાધકો ભોજનશાળામાં ભોજન માટે જાય છે.

૨–૫૫ કલાકે બપોરની બેઠક શરૂ થાય છે. લોસએન્જલેસ ધ્યાનકેન્દ્રના બાળકો પૈકી કુ. તેજલ સીતારવાદન આનંદ તાલે કરે છે. 'ૐ યોગેશ્વર રક્ષમામ્.'ની ધૂન સીતારવાદન પર થાય છે. ૩–૧૫ કલાકે કેનેડાથી આવેલ શ્રી સુરેશભાઇ શાહ પૂ. શ્રીનાં બાળપણ, વિદેશ પ્રવાસ અને સાધના અંગે વાતો કરે છે. તેમના પ્રવચનનો સાર આ મુજબ છે.

● પૂ. શ્રીનું વતન સરોડા ગામ છે. સાબરમતી નદીને સામે કાંઠે નવાગામ છે. અમદાવાદથી પૂ. શ્રીના ઘરની સફાઇ કરવા અમારાં બા સાથે જતા.

● પૂ. શ્રી લેખનકાર્ય માટે ન્યૂઝપેપરના રેપરના અંદરના ભાગનો ઉપયોગ કરતા. કાગળનો પૂરેપૂરો ઉપયોગ કરતા.

● સરોડાના પોતાના ઘરે વરખડાના વૃક્ષ નીચે ખાટલા ઉપર બેસી પૂ. શ્રી લેખનકાર્ય કરતા. વૃક્ષપર બેઠેલા પક્ષીઓની હગાર પૂ. શ્રી પર પડતી, ગરમીના દિવસોમાં પરસેવો ખૂબ થાય, ધૂળ ખૂબ ઉડે છતાં પણ લેખનકાર્ય નિયમિત રીતે નિશ્ચિત સમય સુધી ચાલતું.

● લેખનકાર્યમાં બ્લોટિંગ પેપરનો ઉપયોગ શાહી ચૂસવા માટે થતો. અત્યારે જે કલમો વપરાય છે તેવી રીફિલ કે શાહી-વાળી કલમો તે વખતે ઉપલબ્ધ નહોતી. બ્લોટિંગ પેપરના આઠ ટૂકડા કરી તેનો કરકસરપૂર્ણ ઉપયોગ કરતા.

● પૂ. શ્રી અમારા ઘેર આવેલા. તેઓની ધીરગંભીર ચાલ હતી. શાલ ઓઢતા. તેઓએ કહ્યું 'યજમાનનું ઘર સરસ છે. અમે પણ મહેલમાં રહેતા, સોનાના પલંગ પર સૂતા, યુવાન પત્ની હતી, સંતાન હતું' (પૂ. શ્રી પોતાના એક જન્મની સ્મૃતિ તાજી કરીને આમ બોલેલા.)

● જ્યોતિર્મયી માતા અમને પોતાનાં એક સંતાનની જેમ રાખતાં. અમે સરોડામાં પૂ. શ્રીના ઘરમાં સૂતા ત્યારે પૂ. શ્રી કહેતા 'બારણાની તીરાડમાંથી આવતું અજવાળું નાઈટલેમ્પ છે, આજે તમને રાત્રે કંઇ દેખાયુ? સાંઇબાબા રાત્રે દર્શન આપવા આવ્યા હતા.'

● પૂ. શ્રી રાત્રે ઓશિકા પાસે ડાયરી, પેન, બેટરી રાખતા. રાત્રે કંઇ સ્ફુરણા થાય તો તરત જ લખી લેતા.

● ઘણી વખત સારા નિવાસમાં રહેવાનું થયું હોય ત્યારે કહેતા કે 'મહેલમાં રહ્યા પછી ફાઇવસ્ટારની સુવિધાયુક્ત મકાનમાં રહેવાની કોઇ નવાઇ નથી લાગતી.'

● 'પહેલું સુખ તે જાતે નર્યા,' ગીતા પાઠ કરો, આસનો કરો, ઈશ્વરસ્મરણમાં જીવનનું શ્રેય છે એમ પૂ. શ્રી અમને કહેતા.

● ૧૯૭૬ માં અમને કેનેડા જવા વિઝા મળ્યો. કેનેડા જવું કે નહીં તેની રજા લેવા અમદાવાદમાં પૂ. શ્રીને મણિનગરના નિવાસે ગયા. 'જવામાં ખોટું નથી. મોહનભાઇ(પિતાજી)નો વિચાર કરજો. તું જા હું આવું છું' (પૂ. શ્રી પછી કેનેડાની યાત્રા કરે છે.)

● ૧૯૭૮ માં ઓક્ટોબર માસના એક દિવસે પૂ. શ્રીનો લંડનથી ફોન અમારા પર આવ્યો. 'હરિઃ ૐ, હું ટોરંટોમાં તમારા ઘેર આવું છું.' મારે તો ભાડાનું બે બેડરૂમની સુવિધા-



વાળું ઘર હતું. એટલે થોડી ચિંતા પણ હતી કે પૂ. શ્રીને કેવી રીતે સુવિધાઓ આપી શકાય. સુવિધાની વાત પૂ. શ્રીને કરી. પૂ. શ્રી કહે 'સુરેશના ઘેર આવવાનું છે. જગદંબાનો આદેશ છે.' પૂ. શ્રી ૧૯૭૮ માં મારા ઘેર આવ્યા. સામાન્ય પુરુષની જેમ હળીમળી ગયા. કોઇ વિશેષ સગવડ માગી નહીં. 'સુરેશ-નું ઘર મારું છે' એમ કહ્યું.

● શ્રી સુરેશભાઇ શાહ ધૂન બોલાવી પોતાનું પ્રવચન પૂર્ણ કરે છે.

શ્રી વિનોદભાઇ પટેલ (યુ. એસ. એ.) પૂ. શ્રીની સ્મૃતિ-ઓ તાજી કરીને વાતો કરે છે. ત્યારબાદ શ્રી રાજુભાઇ જાની જાહેરાત કરે છે. 'કપૂરાની શાળાની બહેનોને શ્રીમતી મધુબેન જાગાણી પોતાના હસ્તે પોતે સીવેલા ડ્રેસ અર્પણ કરશે.' આ ડ્રેસનું કાપડ શ્રી હેતલભાઇ ગજેરાએ મોકલ્યું હતું અને મધુબેન જાગાણીએ ડ્રેસ સીવ્યા હતા. પૂ. માનો એ અભિગમ છે કે જેણે આ સત્કર્મ કર્યું છે તેના હસ્તે જ અર્પણ થાય. શ્રી રાજુભાઇ જાની, શ્રી અજયભાઇ કલોલા વગેરેએ ડ્રેસ અર્પણ વિધિમાં મદદ કરી. આ બેઠક અહીં ૪—૧૦ કલાકે પૂર્ણ થઇ. સૌ સમય-સર ભોજન કરીને ૬—૩૦ કલાકે શરૂ થનાર રાત્રીની બેઠકમાં આવે છે.

'ૐ મા જય મા જય મા'ની ધૂન ગવાય છે. પૂ. મા ૬—૫૨ કલાકે પધારે છે. પૂ. માની બેઠક સ્ટેજ પર નથી પણ બહેનોની પાસે છે. હીંચકાપર પૂ. મા બિરાજે છે. ઉપવાસ કરવામાં કેવું કષ્ટ પડે છે, પૂ. શ્રીની કૃપા થાય તો ઉપવાસ શક્ય બને તેવા સારવાળું એક નાટક વિદેશથી આવેલા નાનાં અને મોટા સાધકો પૈકી શ્રી પાવનભાઇ, નિશાબેન, વિકાસ-

ભાઇ, ગોપીબેન, ગાર્ગીબેન, સત્યેનભાઇ, સારંગ, ગોપી વગેરે રજૂ કરે છે. પૂ. મા આ નાટકને અને બાળકોના પ્રયત્નને એપ્રિસિયેટ (વખાણ) કરે છે.

૭–૩૫ કલાકે શ્રી આસિતભાઇ, શ્રીમતી હેમાબેન ને શ્રી આલાપભાઇ ભજન સંધ્યાનો કાર્યક્રમ આપવા પધારે છે. આ સંગીત–સ્વરકિન્નરોનું ભવ્ય સ્વાગત થાય છે. શ્રી જગદીપ-ભાઇ, શ્રીમતી નયનાબેન, શ્રી પાર્થ, પૂજા પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરે છે. માનવસેવા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અને કર્પૂર-વનના માજી સરપંચ શ્રી રમેશભાઇ ભક્ત શ્રી આસિતભાઇનું પુષ્પગુચ્છથી સ્વાગત કરે છે. પોતાનો શાબ્દિક પ્રતિભાવ આપતા શ્રી રમેશભાઇ કહે છે કે ‘પૂ. માને વંદન, કલાવૃંદનું સ્વાગત કરું છું. પૂ. માની ઉપસ્થિતિમાં બોલવું એ સૂર્યની સામે બેટરી ધરવા સમાન છે. કર્પૂરવનમાં પૂ. માનું પ્રાગટ્ય થયું છે. પૂ. મા સંસ્કૃતિની જાળવણી કરે છે. કળિયુગમાં આવા સંતો રક્ષા કરે છે. સૌને રામ કબીર.’

પૂ. મા સ્લેટપર લખે છે ‘એવું હતું કે પરિચય તો આપીએ (શ્રી આસિતભાઇ વગેરેનો). દરેકના હાથમાં છાપેલો પરિચય છે.’ પૂ. માએ આ ત્રણ કલાકારોનો પરિચય છપાવીને સૌને આપેલો છે એટલે પરિચય આપવાનો થતો નથી. સીધો જ કાર્યક્રમ શરૂ થાય છે. શ્રી ગણપતિ સ્તુતિ બાદ એક પછી એક ભજનો ગવાતાં જાય છે. સૌ ભજનો સાંભળે છે ને સૌ પૂ. માના દર્શન મન મૂકીને કરે છે. રાત્રીના ૧૧–૦૦ કલાક સુધી ભજનો ગવાય છે. વચ્ચે વચ્ચે મસ્તીમાં યુવાન સાધકો ઊભા થઇને સંકીર્તન–નર્તન કરે છે. યજમાન પરિવારના શ્રી જગદીપભાઇને તો ખભા પર ઊંચકીને સંકીર્તનમાં જોડે છે.



મનમૂકીને સૌ સંકીર્તનની મસ્તી માણે છે. વ્રજ, ગોકુળ, સ્વર્ગ અને કર્પૂરવન એક જ એવું સૌ અનુભવે છે. પૂ. મા પણ હવે તો ઊભાં થઇને પોતાના બાળકોના સંકીર્તનના દૃશ્યો જુએ છે ને દૃષ્ટિ કરી અમૃતતત્ત્વથી ભરી દે છે. સ્વરકિન્નરોનો આભાર જાગાણી માને છે. સૌ છૂટા પડે છે. દરવાજે સૌને પ્રસાદ (સૂંઠની ગોળીનો) મળે છે. આવતી કાલે હવે નવું શું જોવાનું, માણવાનું, પ્રાર્થવાનું, પાંગરવાનું મળશે તેની ઇંતેજારીમાં સૌ શયન કરે છે.

○

**કયી કયી વસ્તુઓ નિરર્થક છે**

(૧) લોભી મનુષ્યનું ધન. (૨) અત્યંત હઠાગ્રહીનું જ્ઞાન. (૩) ગુણ કે પરાક્રમરહિત રૂપ. (૪) આપત્તિ સમયે સહાય નહિ કરનાર મિત્ર.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# સ્વર્ગારોહણમાં સત્કર્મો

નારાયણ હ. જાની

આ વર્ષે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ૨૦ મી પુણ્ય તિથિ તા. ૧૮ માર્ચ, ૨૦૦૪ના રોજ સ્વર્ગારોહણ અંબાજીમાં ઉજવાઇ. પૂ. મા તે દિવસે ત્યાં ઉપસ્થિત હતાં. આવા દિવસે પૂ. માની બે જ પ્રવૃત્તિ—એક તો શક્ય હોય તેટલું સત્કર્મ કરો ને વધુમાં વધુ સમય પ્રભુસ્મરણની પ્રવૃત્તિ—જપ, ધ્યાન ને પ્રાર્થના ઉપરાંત—સદ્‌ગ્રંથોનું વાંચન કે સ્તુતિપાઠ, પ્રણામ કે કુટિયાની પ્રદક્ષિણામાં ગાળો. હેતુ એક જ કે મનને સદ્‌પ્રવૃત્તિ-માં જોડેલું રાખો, અગર તો જે પ્રભુ કે સંતપુરુષના સ્વરૂપમાં માનતા હો તેની સાથે મનથી જોડાયેલા રહો. જેથી મન ગમે ત્યાં સંસારી વિષયોમાં ભટકે નહિ.

આજે વહેલી સવારે ૫—૩૦ વાગે ઉતારાની લોબીમાં ભાઇબહેનો હારબંધ સરસ રીતે મૌન ધારણ કરી ગોઠવાઇ ગયાં. પછી મંત્રગાન શરૂ થયું. પરોઢના શાંત વાતાવરણમાં પૂ. ગુરુદેવના નામનો ઉદ્‌ઘોષ એવો તો સુમધુર લાગતો કે સાંભળ્યા જ કરીએ એમ થાય. માત્ર પંદરેક મિનિટનું એ મંત્ર-ગાન વાણી, મન અને વાતાવરણને પવિત્ર કરનારૂ બની રહ્યું.

આગલા દિવસની સૂચના પ્રમાણે ૭ વાગે લગભગ ૨૦૦ જેટલા સાધક ભાઇબહેનો પ્રણામ માટે યોગશૈવલ્યમ્‌માં ગોઠ-વાઇ ગયા છે. પૂ. મા સમયસર હોલમાં તેઓની સ્વાભાવિક તેજીલી ચાલમાં પ્રવેશે છે. કેસેટની સાથે પ્રણામનો પ્રારંભ થાય છે. પૂ. મા એટલી બધી સ્ફુર્તિ અને તેજ ગતિથી પ્રણામો કરે છે



કે યુવાન સાધકોને પણ તેઓની સાથે તાલ મિલાવવામાં મુશ્કેલી પડે છે. છેલ્લા વીસ વર્ષનું ઉપવાસી એ શરીર ક્યાંથી આટલી તાઝગી, સ્ફુર્તિ અને શક્તિ લાવે છે, તેનો બુદ્ધિગમ્ય કોઇ ખુલાસો જડતો નથી. માન્યામાં ન આવે તેવી આ વાત છે, પરંતુ જે પ્રત્યક્ષ છે, તેને બીજા પ્રમાણની આવશ્યકતા જ ક્યાં છે!

પૂ. મા ૨૬૧ પ્રણામો કરે છે. પછી બાવનીઓ ને ગુરુ-વંદનાના ગાન પછી પૂ. ગુરુદેવશ્રીની વિડિયો કેસેટમાં પૂ. શ્રીનું દર્શન ને તેઓનું વક્તવ્ય સાંભળી ભાવવિભોર બની જાય છે. મોટાભાગના સાધક ભાઇબહેનો એવાં છે, જેઓએ પૂજ્યશ્રીને પ્રત્યક્ષ જોયા નથી.

પૂ. શ્રીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે દરેક મનુષ્યે પ્રભુ સાથે સંબંધ જોડવો જોઇએ, જેથી આત્મીયતા સ્થપાય. જીવન-માં જેટલી આવશ્યકતા સંસારી વસ્તુઓની છે, એથીએ વિશેષ પ્રભુ સાથે સંબંધ જોડવાની છે ને આ સંબંધ જપ, પ્રાર્થના અને ધ્યાનથી જોડાય છે.

આજે અહીં બે કાર્યક્રમો છે. સવારના ભાગમાં જે લોકોનાં આંખનાં ઓપરેશન જાન્યુઆરિમાં કરવામાં આવેલ તેઓને ચશ્મા આપવાના છે. આ માટે નવસારીની આઇહોસ્પીટલના યુવાન ડોક્ટર રૂપમ દેસાઇ તેમની ટીમ સાથે ખાસ આવી ગયાં છે. તેઓ નાની વયનાં છે, છતાં ખૂબ હોંશિયાર ને ભાવના-શાળી છે. સ્વર્ગારોહણના સ્વયંસેવકો પણ બધા જ દર્દીઓને તેઓના ગામે જઇને સૂચનાઓ આપી બોલાવી લાવ્યા છે. કુલ ૮૬ દર્દીઓની આંખો તપાસી તેઓને અહીં નંબરવાળા ચશ્મા આપવામાં આવી રહ્યાં છે.

જીવનમાં આંખોનું મહત્ત્વ અને મૂલ્ય શું છે. તેનો જાત અનુભવ કરવો હોય તો એક દિવસ માટે બંને આંખે પાટા બાંધો ને પછી જુઓ કેવી મુશ્કેલીઓનો સામનો આંખ ગુમાવ-નાર ગરીબ માણસોને કરવો પડતો હોય છે. આંખની દૃષ્ટિ એટલે જીવન વ્યવહારની સ્વાલંબિતા. દૃષ્ટિવગરના માણસના જીવનમાં કેવળ અંધકાર—રાત અને દિવસ બંને સરખાં. પૂ. માની કૃપાથી આ બધી ગરીબ વ્યક્તિઓ નવી દૃષ્ટિ પામ્યાં. એમના આનંદનો તો પાર જ નહિ. તેઓની પાસે એ વ્યક્ત કરવાની વાણી નથી છતાં બેત્રણ દર્દીઓએ પોતાના ભાવો સરસ રીતે વ્યક્ત કર્યાં. તો પૂ. માએ આજે એમને માત્ર દૃષ્ટિ જ નહિ, પણ સાથે સાથે કેટલીક ભેટો પણ ધરી.

દરેક દર્દીને શેત્રંજી, ટુમાલ, સ્ટીલનું કેન તેમજ રૂા. ૧૦૦ શ્રી વલ્લભભાઈ જાવિયા અને એમની ડો. પુત્રી મેનાબેન તરફથી તેમના હાથે આપ્યાં. કેવું સરસ સત્કર્મ! તો વળી આ કેનમાં લોટ, ચોખા અને ગોળનો પ્રસાદ સ્વર્ગારોહણ તરફથી અને દરેકને ઠંડી છાશ ને ગ્લાસ શ્રી અરૂણાબેન અને ગીતાબેન તરફથી.

આ બધું પામીને દર્દીઓને આનંદ થાય તે સ્વાભાવિક છે. પરંતુ જે બીજે ક્યાંય ના મળે તેવા પૂ. મા સર્વેશ્વરીના આશી-ર્વાદ પામીને ધન્ય બન્યા.

આ ઉપરાંત, પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા તેઓમાં પ્રકટી તે મોટી વાત છે. કેવળ સ્વાર્થપરાયણ સમાજમાં પણ પૂ. મા જેવા સંતો પ્રકટી, કશીય અપેક્ષા વગર સેવા કરનાર સંતો ને સાધકો હોય છે તે એમને સમજાયું. એથી જ શ્રી સુશીલાબેન ભક્તે (પૂ. માનાં બહેને) ગાયું :—



ગુરુદેવ પ્રભુ મારા યોગેશ્વર શામળિયા,
દીનદુખિયાના તમે આંખોનાં અજવાળા.
વિધવિધરૂપે તમે આવી વિચરનારા,
યોગેશ્વર પ્રભુ, મારા યોગેશ્વર શામળિયા.

સાચે જ, આજે પૂ. માની કૃપાથી શ્રી યોગેશ્વર પ્રભુ આજે આ ગરીબ લોકોનાં આંખોનાં અજવાળાં બનીને આવ્યા છે.

ખૂબ સાદા છતાં ખૂબ પ્રભાવશાળી સમારંભમાં ૮૬ વ્યક્તિઓને નવી દૃષ્ટિ પૂ. માની કૃપાથી પ્રાપ્ત થઈ. પૂ. શ્રીની ૨૦ મી પુણ્યતિથિએ કેવું સરસ સત્કર્મ!

આ ઉપરાંત ૪૦ જેટલા નવા દર્દીઓની આંખો તપાસી દવા આપવામાં આવી. બપોર પછી બીજા મોટા સત્કર્મોનો પ્રારંભ થયો. તેમાં અંબાજી આસપાસનાં સાત ગામોની પ્રાથમિક શાળાઓનાં ૫૬૦ બાળકોને નવા ડ્રેસ તેમજ પગમાં પહેરવાનાં સ્લીપર આપવામાં આવ્યાં. આ સાત ગામો આ પ્રમાણે છેઃ—પાનસા, જંબેરા, નાઈવાડા, સેબલપાણી, ગુડા, ઘોડાટાંકણી અને રાણપુર બંગલા.

આ ડ્રેસની વિશેષતા એ છે કે દરેક બાળકનું માપ લઈ તે બનાવવાની પૂ. માએ કાળજી લીધી છે. દરેક બાળકનું નામ, તે કયી શાળાના ક્યા ધોરણમાં ભણે છે—તેની નોંધ દરેક પોષાકની થેલી ઉપર છે. આટલી કાળજી મા સિવાય કોણ રાખે? એટલે તો આ બાળકો પણ જય કૃપાળુ માનો જયઘોષ કરતાં થાકતાં નથી.

એકથી ચાર ધોરણ સુધી અભ્યાસ કરતા આ બાળકોએ પ્રારંભમાં કેટલાક સાંસ્કૃતિક અને દેશપ્રેમના ગીતોના કાર્યક્રમ રજુ કર્યા. તે પહેલાં રાજકોટના શ્રી સંજય પંડ્યાએ બાળકોને

ત્રણ વિભાગમાં વહેંચી કેટલીક સરળ રમતો રમાડી.

વિદ્યાર્થીઓને આ ડ્રેસ તથા સ્લીપર શ્રી જમુનાબેન પરિવાર (દિગસ) તરફથી, મમરા ચણાનાં પેકેટ સ્વર્ગારોહણ તરફથી, તો બિસ્કીટ, પેન્સીલ, રબર પ્રો. પ્રચેતા પંડ્યા (અમદાવાદ) અને ચોકલેટ શ્રી ચંદ્રિકાબેન મિસ્ત્રી (ડભોઇ) તરફથી આપવામાં આવ્યાં. તે ઉપરાંત વડોદરાના શ્રી રવિભાઇ કાકા તરફથી દરેકને રૂા. ૧૦/– આપવામાં આવ્યા. વિદ્યાર્થીઓને છાશની સાથે ગ્લાસ શ્રી અરૂણાબેન અને ગીતાબેન તરફથી પ્રાપ્ત થયાં. આ બાળકોને ડ્રેસ આપવાનો વિચાર પૂ. માને એ સાંભળીને આવ્યો કે કેટલાંક બાળકો ગરીબાઇને લીધે પહેરવાનાં કપડાંના અભાવે શાળામાં આવતાં નથી. વળી આ સાત ગામો પાકી સડકના રસ્તાથી અંદરના ભાગમાં ૩–૪ કિલોમીટર જેટલાં દૂર છે, જ્યાં જવાઆવવા માટે કોઇ વાહન વ્યવહારની સુવિધા નથી. તેથી તેઓ પગે ચાલીને આવ્યાં. બપોરે ગરમી સારી જેવી હતી, છતાં મોટાભાગે આ બધાં જ બાળકો ખુલ્લા પગે ચાલીને આવ્યાં. આદિવાસી વિસ્તારના અંદરના ભાગોમાં કેવી ગરીબાઇ આજે પણ પ્રવર્તે છે તેનું દર્શન આ વસ્ત્રવિતરણ કાર્યક્રમમાં સૌને થયું. કેવી યોગ્ય વ્યક્તિઓને આ સહાય પૂ. મા દ્વારા પહોંચી રહી છે તે સાધકોએ પ્રત્યક્ષ જોયું.

આ બધી જ શાળાઓના શિક્ષકોને પણ પૂ. માએ ખાસ ભેટો આપી નવાજ્યા.

શ્રી જમુનાબેન પોતે હાજર ન હોવાથી તેમના મોટાભાઇ શ્રી ભક્તિભાઇ, તેમ જ શ્રી પુલીનભાઇએ સ્લીપરોની વહેંચણી બાળકોને કરી.

પૂ. શ્રી યોગેશ્વરજીની ૨૦ મી પુણ્યતિથિ કેટલાક સાધકોએ



ઉપવાસ કરીને—તો કેટલાકોએ પૂ. શ્રીને પ્રિય એવી ખીચડીનું ભોજન લઇ કરી. જપ, ધ્યાન, પ્રણામ ને પ્રદક્ષિણા તો ખરાં જ.

પૂ. માનો એ સતત આગ્રહ રહે છે કે સ્વર્ગારોહણમાં આવતા સર્વ સાધક ભાઇબહેનો—પોતાનો સમય ભગવદ્સ્મરણ કે કોઇને કોઇ પ્રકારની સાધનામાં વિતાવે.

○


**કોણ કોના બળરૂપ છે.**

(૧) નિર્બળ મનુષ્યનું બળ રાજા છે.
(૨) બાળકનું બળ રૂદન.
(૩) મૂર્ખનું બળ મૌન.
(૪) ચોરનું બળ જૂઠ છે.

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : **૩૧૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પ્રાર્થનાની પ્રબળ શક્તિ

—પ્રા. નંદુ પંડ્યા

વિશ્વશાંતિના પ્રયાસો પાછળ ચારિત્ર્યની અત્યંત આવશ્યકતા છે. માનવી ઉતાવળો થઈ ગયો છે અને ભૌતિકતાભણી દોટ મૂકી રહ્યો છે. માનવીને પોતાના અંદરની કસ્તુરીની સુગંધનો પરિચય નથી એટલે અન્ય સુગંધો પાછળ પાગલ બને છે. જીવનનો આનંદ ઉત્તમ પદ્ધતિના શુદ્ધ સાધન અને ભજનથી મળે છે. આજે દરેક ઘરમાં ક્લેશ, કંકાસ, વેરઝેર, ઈર્ષા અને અનેક પ્રકારના તોફાનો ચાલી રહ્યાં છે. નારી તેના આદર્શોથી વંચિત થતી જાય છે. રાવણ જેવી દશા લગભગ દરેક માનવીની થઈ ગઈ છે તેમ કહીશું તો ખોટું નથી.

રાષ્ટ્રની સમૃદ્ધિ માટે વેચાતા ચારિત્ર્યથી ભ્રષ્ટ એવા રાજકારણીઓ કશા જ કામના નથી. સેવાનું નામ અને પોતાના સ્વાર્થની લાલસા. આમ ચારિત્ર્ય ઘડતરની મૌખિક ખાત્રીઓવડે ક્યારેય સુખ અને આનંદનાં સાધનો ઊભાં કરી શકતાં નથી. ક્યાંક સેવાશ્રમો, સંસ્થાઓ અને સંપ્રદાયો ચાલે છે તેનાથી જ દેશનો અને આપણો ધર્મ ટકી રહ્યો છે.

સમાજમાં કચડાયેલ અત્યંત ગરીબ અને ભાંગેલા કુટુંબોની સંખ્યામાં ઘટાડો થયો નથી. લોકોને સુખની ચિંતામાં દુઃખના દરિયા ઉલેચવા પડે છે. આવી પળે પરમાત્માની પ્રાર્થના જ એક મહત્વની સદ્ધર સીધી દિશા છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કળયુગના સંતે વરસો પહેલાં કહ્યું હતું કે તમે એકલા એકાંતમાં ઓરડો બંધ કરીને બેસો અને



શાંત ચિત્તે ઈશ્વરને પ્રાર્થના કરો, તમારો કોયડો એક જ ક્ષણે ઉકેલ બનીને સામે આવશે.

પ્રાર્થનાની શક્તિનો ચમત્કાર કોઈ નાની વાત નથી. એ અંતરના અવાજને નિશ્ચિત કર્મના યોગમાં પરિવર્તીત કરે છે. આજે પ્રાર્થના જ દરેક દુઃખની દવા છે. માનવીનું જીવન પ્રાર્થનામય બને તો તેનાથી ઉજળો કોઈ વિશિષ્ટ ધર્મ નથી. ધ્યાનની દિશામાં પ્રાર્થના મોટું પરિબળ છે અને તે સાધકને આનંદમાં ઊભરતા રાખે છે.

○

## કોનો કયી કયી બાબતોથી નાશ થાય છે.

(૧) કુમંત્રીથી રાજાનો
(૨) સંગથી સંન્યાસીનો
(૩) બહુ લાડ લડાવવાથી પુત્રનો
(૪) વિદ્યા નહિ ભણવાથી બ્રાહ્મણના બ્રાહ્મણત્વનો
(૫) કુપુત્રથી કુળનો
(૬) પરદેશમાં વધુ વખત રહેવાથી સ્નેહનો
(૭) પ્રેમ વિના મિત્રતાનો
(૮) અનીતિથી સમૃદ્ધિનો
(૯) ખલ પુરુષના સંગથી શીલનો
(૧૦) ગર્વથી સ્ત્રીનો
(૧૧) દેખરેખ નહિ રાખવાથી ખેતી અને વેપારનો
(૧૨) ખોટે માર્ગે ખર્ચ કરવાથી તથા પ્રમાદથી ધનનો નાશ થાય છે.